॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

સપ્ટેમ્બર ૨૦૧૩
રૂા. ૫/૦૦

## અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોના નવા મંદિરનું ખાતમુહૂર્ત સંપન્ન થયું તેની તસ્વીરિ ઝલક



# શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવીમાં હિંડોળા સાથે પુલહાશ્રમ ઉદ્‌ઘાટન તથા દર્શન



# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક



### લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઇઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- **અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૯ કુલ્લ અંક ૨૦૮

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૩ અંક - ૯ - સપ્ટેમ્બર – ૨૦૧૩
સળંગ અંક - ૩૩૩

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**
**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

સત્શાસ્ત્રોનું અધ્યયન કરી તેનું અનુસરણ કરનારને જીવન સફળ કરવાનો માર્ગ મળે છે. જ્યારે જીવન સાફલ્ય માટે શ્રી સહજાનંદ સ્વામીએ અલ્પજ્ઞાની પણ સમજી શકે તેવી સાદી, સરળ અને સહજ શૈલીમાં રચેલા આપણા સંપ્રદાયના માત્ર બે જ શાસ્ત્રો (વચનામૃત અને શિક્ષાપત્રી) નું અધ્યયન, મનન, ચિંતન અને અનુસરણ પુરતાં છે.

વચનામૃતમાં સાચી ભક્તિ અને તેની રીત સમજાવી છે. સંશય દૂર કરવા અને વિશેષ પ્રકાશ પાડવા પ્રશ્નોત્તરીના માધ્યમથી બોધ આપેલો છે. જ્યારે શિક્ષાપત્રીમાં જીવન કેવી રીતે જીવવું, આચરણ કેવું રાખવું, કઈ કઈ બાબતો આપનાવવી અને કઈ કઈ બાબતોથી દૂર રહેવું વગેરે વિષે બોધ આપેલો છે.

જીવન સફળ બનાવવાનું રહસ્ય તો પંચવર્તમાન, એકાદશ નિયમ અને આહારશુધ્ધિ દ્વારા શ્રીજી મહારાજે સમજાવ્યું છે.

પંચ વર્તમાન એ પાંચ પ્રતિજ્ઞાઓ છે. ગૃહસ્થીઓ માટે મદિરા પાન ન કરવું, માંસ ન ખાવું, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, વટલવું કે વટલાવવું નહીં જ્યારે ત્યાગીઓ માટે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિસ્વાદ અને નિસ્નેહ મુખ્ય છે.

સંપ્રદાયના એકાદશ નિયમોનું પાલન ચૂસ્ત રીતે કરવું આવશ્યક છે.

હિંસા ન કરવી જંતુકી, પરસ્ત્રી સંગકો ત્યાગ,
માંસ ન ખાવત, મદ્ય કુ પીવત નહિં બડભાંગ્ય,
વિધવા કો સ્પર્શત નાહીં, કરત ન આત્મઘાત.
ચોરી ન કરવી, કાહૂંકી કલંક ન કોઈ કો લગાત.
નિંદત નહીં કોઈ દેવકું, બિન ખપતો નહીં ખાત.
વિમુખ જીવકે વદનસે કથા સૂની નહીં જાત.

આહાર શુધ્ધિથી અંતઃકરણ શુધ્ધ થાય છે, આત્મશુધ્ધિ થતાં પ્રભુની પ્રાપ્તિ થાય છે. જઠરાગ્નિને શાંત કરવા લેવાતો ખોરાક એટલે આહાર એવું અર્થઘટન નથી કરવાનું. પાંચ ઈન્દ્રિયોથી જે ગ્રહણ કરવામાં આવે તે બધું આહાર જ છે. તેની અસર આપણા જીવન પર થાય છે. તેથી આહાર શુધ્ધ હોવો જોઈએ.

કાનથી સારું સાંભળવું (સાચા સંતો સાથે સત્સંગ કરી ધર્મ, ભક્તિ અને શ્રીહરિની લીલાઓનું શ્રવણ), આંખથી સારું જોવું (ભગવાનના સ્વરૂપોની મનમોહક મૂર્તિઓ અને પરહિતકારી સંતોનાં દર્શન), નાકથી સારું સૂંઘવું (દર્શન અને સત્સંગ સમયે નિત્ય પ્રસરતી દિવ્યતાની સુગંધ શ્વાસેશ્વાસમાં ભરી લેવી), જીભથી સાત્ત્વિક ખાવું (નંદસંતોએ રચેલાં કીર્તનો-પદો ગાવાં અને પ્રસાદ ભાવપૂર્વક ખાવાથી) અને સારું સ્પર્શવું (પ્રભુનાં અને સંતોનાં પાવનકારી ચરણ સ્પર્શ કરવાથી) પાંચ ઈન્દ્રિયોને શુધ્ધ આહારની પ્રાપ્તિ થાય છે.

દરેક સત્સંગીઓએ ખાસ ધ્યાન રાખવું જોઈએ આપણા ઘેર પાણી પીવાના નળમાં કપાસના કપડામાંથી બનાવેલી કોથડી બાંધેલી છે કે નથી ? પછી ભલે ફિલ્ટર પાણી હોય તો પણ કપાસમાંથી બનેલ કોથડી જ વાપરવી. તેમજ દુધ-ઘી-તેલ પણ કપાસના કપડાથી જ ગાળવાં નહિં કે ગરણીથી. છ કલાક પહેલાં ગાળેલ પાણી અણગારેલ થઈ જાય છે તેની પણ નોંધ લેવી. ફિલ્ટરર્ડ પાણી પણ કપડાથી ગાળીને પીવું જોઈએ પછી ભલે ફિલ્ટર મશીનનું હોય કે બોટલનું. આવી પાયાની બાબતો ઉપર ધ્યાન ન દેવાથી આગળની બધી જ બાબતો ગૌણ થઈ જાય છે અને આપણને મહારાજની આજ્ઞા પાળવાનું બળ મળતું નથી. માટે ભક્તો! શ્રી સ્વામિનારાયણ ભગવાને આપેલા બોધને આત્મસાત કરી દાસત્વભાવ સાથે સંપૂર્ણ સમર્પિત થઈ આ મનુષ્ય જીવન ભગવાનને ભજીને સફળ બનાવીએ.

જય શ્રી સ્વામિનારાયણ

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન



## વેદોપબૃંહણ રૂપ ઉપનિષદ્ ગ્રન્થ યુગ

લેખાંક–૨૩

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી

### વેદાન્તાચાર્ય

**(૧) ઈશાવાસ્યોપનિષદ્ -** આ ઉપનિષદ્‌ના પ્રારંભના મંગલા ચરણ મંત્રામાં પારબ્રહ્મ પરમાત્માની પૂર્ણત્વ અને તેના કાર્યની પણ પૂર્ણત્વની વાત કરવામાં આવી છે.

"ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥"

આ બ્રહ્મ પૂર્ણ છે. આ કાર્ય જગત્ પણ પૂર્ણ છે. તે પૂર્ણબ્રહ્મથી આ પૂર્ણ જગતની ઉત્પત્તિ થઇ છે. અને તે પૂર્ણ બ્રહ્મથી આ પૂર્ણ જગત્‌ને નિકાળ્યા પછી પણ તે બ્રહ્મ પૂર્ણ જ રહે છે.

આ ઉપનિષદ્‌ને સર્વપ્રથમ માનવામાં આવે છે. આ બહુ જ નાનું માત્ર ૧૮ મંત્રાત્મક છે. શુક્લ યજુર્વેદ (વાજસનેયી સંહિતા) ના ૪૦ અધ્યાયોમાંથી અન્તિમ અધ્યાય છે. બધા ઉપનિષદોમાં આ પ્રથમ ઉપનિષદ્ છે. આ ઉપનિષદનો પહેલો મંત્ર 'ઈશાવાસ્ય' શબ્દથી પ્રારંભ થાય છે. તેથી 'ઈશાવાસ્યોપનિષદ્' એવું આ ઉપનિષદ્‌નું નામ રાખવામાં આવ્યુ છે. આ ઉપનિષદ્‌માં પરમાત્માના ગુણો, તેનું સ્વરૂપ, પરબ્રહ્મ અને પરમાત્માના સત્ય જ્ઞાન આદિનું વર્ણન છે. આ ઉપનિષદ્‌નો પહેલા મંત્રમાં ઈશ્વરની સર્વ વ્યાપકતા બતાવી છે.

ॐ ईशावास्यमिदम् सर्वं यत्किन्च जगत्यां जगत् ।
तेन त्यक्तेने भुञ्जीथा मा गृधः कस्य स्विद्धनम् ॥

ઉપનિષદ્‌ના પ્રારંભમાં ઉપદેશ આપવામાં આવ્યો છે કે - સમસ્ત બ્રહ્માંડમાં જે કાંઇપણ જણાતુ બધું જ સર્વનિયામક પરમાત્માથી વ્યાપ્ત છે. કોઇ અંશ પરમાત્માથી રહિત નથી. એવા કર્મફલપ્રદાતા પરમાત્માએ આપેલા પોતે કરેલા કર્મોના ફલસ્વરૂપ ભોગોને શાસ્ત્ર પ્રમાણે ભોગવો. કોઇનું પણ દ્રવ્ય ઈચ્છશો નહિ - કોઇના દ્રવ્યની આકાંશા રાખશો નહિ.



આ સંસારમાં રહીને પણ ભોગોમાં આસક્ત ન થઈને ભોગોનો ત્યાગપૂર્વક ભોગવતા થકા ઈશ્વરની ઉપાસના કરો.

વચનામૃત ગ્રન્થમાં શ્રીજી મહારાજે આ મંત્રના એક એક વિષય પર વિસ્તાર પૂર્વક અનેક વાર અને જુદી જુદી રીતે ઉપદેશ આપ્યો છે. આમાં પહેલો વિષય છે 'ઈશાવાસ્ય' અર્થાત્ ભગવાન જીવપ્રાણીમાત્રમાં વાસ કરીને રહે છે, ન કેવળ જીવોમાં પરન્તુ બધે જ વિરાજમાન છે.

स्थले विष्णुः जले विष्णुः विष्णुः पर्वतमस्तके ।
ज्वाला माला कुले विष्णुः विष्णुमयं जगत् सर्वम् ॥

કણ કણમાં ઈશ્વરનો વાસ છે. આ વાતને શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં ઈશ્વરનાં લક્ષણ બતાવતાં કહે છે. 'हृदये जीववज्जीवे योऽन्तर्यामितया स्थितः ।' 'ઈશ્વર અંતર્યામી પણે સર્વત્ર વાસ કરીને રહે છે. આ સિદ્ધાન્તને વચનામૃતમાં અતિ સરલ ભાષામાં સરલ દ્રષ્ટાન્તો આપીને અનેકવાર સમજાવ્યો છે.

આ મંત્રમાં બીજો વિષય છે - 'तेन त्यक्तेने भुञ्जीथा' પરમાત્માએ આપેલા પોતે કરેલા કર્મોના ફલસ્વરૂપે ભોગોને શાસ્ત્ર પ્રમાણે ભોગવો.

'ભગવાનના ભક્તો હોય તે પંચ વિષયને ઉદાસીન થકો ભોગવે.' આ વિષયને શ્રીજી મહારાજે અનેક વાર જુદી જુદી રીતે વચનામૃતમાં સરલતાથી સમજાવ્યો છે. વાંચો..વચનામૃત પ્રથમનું ૨૬ મું. મધ્યનું ૧૬ મું. મધ્યનું ૫૨ મું અન્તયનું ૨૩ મું. કેવી રીતે વિષય ભોગવવા ? તેનો વિવેક બતાવ્યો છે. આ મંત્રમાં ત્રીજો વિષય છે. 'मा गृधः कस्य स्विद्धनम्' કોઇનું પણ દ્રવ્ય ઇચ્છશો નહિ - કોઇના દ્રવ્યની આકાંશા રાખશો નહિ.આ વાતને શ્રીજી મહારાજે વચનામૃત તેમજ શિક્ષાપત્રીમાં કહી છે 'स्तेन कर्म न कर्तव्यम्' (શિ. ૧૭) ઇશ્વરે તને જે આપ્યું છે તેજ તારૂ છે તેને તું ભોગવ પરન્તુ જે તને નથી આપ્યું અર્થાત્ જે બીજાનું છે તેની તું ચોરી ન કર અને તેને ભોગવવાની ઇચ્છા પણ ન રાખ.

આ સંસારમાં જન્મ લઇને ૧૦૦ વર્ષો સુધી જીવવાની ઇચ્છા રાખવી જોઇએ અને જીવનમાં સાંસારિક ભોગોને ભોગવતા થકા બ્રહ્મપ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઇએ. જે મનુષ્યો પોતાના ધર્મનો ત્યાગ ન કરીને સાંસારીક ભોગોને ભોગવે છે તેને કર્મથી ઉત્પન્ન થયેલ બંધન તેને બાંધી શકતું નથી, પરન્તુ જે મનુષ્ય ભોગોમાં લિપ્ત થઇને આત્માની હત્યા કરે છે. અર્થાત્ આત્માને ઓળખવાનો પ્રયાસ નથી કરતો. તે વારંવાર મરીને આસુરી અથવા અન્ય યોનિમાં જન્મ લે છે. પરમાત્માના અસીમ સ્વરુપની અને માનવના અસીમ રૂપની સાથે તુલના કરતાં કહે છે કે તે એકમાત્ર અચલ પરમેશ્વર મનથી પણ તીવ્ર વેગવાન છે. (કારણ કે માનવ જીવનમાં સર્વાધિક વેગવાન વસ્તુ મન છે) છતાં પણ મન તો ત્યાંસુધી પહોંચી નથી શકતું જ્યાં તે પરમાત્મા પહેલેથી સ્થિત હોય છે. કારણ કે તે મનની ગતિ અને દિશાને પહેલેથી જ જાણે છે. મનુષ્યોનું મન તો શું ? દેવતાઓ અને મહર્ષિઓનું પણ મન પૂર્ણ રૂપથી તેને જાણી શકતું નથી. વાયુ આદિ દેવતા પોતાની ગતિ દ્વારા જે કાંઇ પણ કાર્ય કરે છે તે વાસ્તવમાં ઈશ્વરની શક્તિનો અંશમાત્ર છે. તે પરમાત્મા ચાલે પણ છે અને નથી પણ ચાલતા. તે દૂરથી પણ અત્યંત દૂર છે અને સમીપથી પણ અત્યંત સમીપે છે. તે સર્વત્ર, સર્વવ્યાપક અને સર્વજ્ઞ છે. આવા પરમાત્માના સર્વવ્યાપી સ્વરૂપને જે મનુષ્ય બધા પ્રાણિઓમાં જુવે છે. તે કોઇનાથી પણ ઘૃણા નથી કરી શકતો. કારણ કે તેને તો બધે તે પરમાત્માનું સ્વરૂપ દેખાઇ દે છે. જ્યારે મનુષ્યમાં આવી ભાવનાનો જન્મ થઈ જાય ત્યારે સર્વત્ર એકમાત્ર પરમેશ્વરનો સાક્ષાત્કાર કરે છે અને તે મોહ અને શોકથી દૂર થઇ જાય છે કારણ કે તેને દરેક જીવપ્રાણિ માત્રમાં અને સંસારમાં પરમાત્માની લીલા જ દેખાઇ દે છે.

આ ઉપનિષદ્‌માં વિદ્યા અને અવિદ્યાનો ભેદ બતાવતાં કહે છે કે - જે અવિદ્યાની ઉપાસના કરે છે તે અજ્ઞાન રૂપી અંધકારમાં પ્રવેશ કરે છે. અને જે વિદ્યામાં રત થઇ જાય છે પરન્તુ પોતાની વિદ્યા અને જ્ઞાનમાં તેને મિથ્યાભિમાન થઇ જાય છે તે પણ અંધકારમાં ડૂબેલા છે. જે મનુષ્ય આ બન્નેને અર્થાત્ વિદ્યા અને અવિદ્યાની સાથે યથાર્થ જાણી લે છે તે અવિદ્યાથી અર્થાત્ કર્મોના અનુષ્ઠાનથી મૃત્યુને તરી જાય છે. વિદ્યાથી અમરત્વને પ્રાપ્ત કરી લે છે. (ઉપનિષદ્‌ના વિષયમાં અવિદ્યા શબ્દનો અર્થ વસ્તુત સાંસારિક જ્ઞાન જેમ કે આયુર્વિજ્ઞાન, રસાયનવિજ્ઞાન એવં તંત્રવિજ્ઞાન આદિ માનવામાં આવે છે. જ્યારે વિદ્યા શબ્દોનું તાત્પર્ય આધ્યાત્મિક વિદ્યા છે) જે મનુષ્ય વિનાશશીલ દેવ-પિતૃઓની ઉપાસના કરે છે તે પણ અજ્ઞાનના અંધકારમાં જ ભટક્યા કરે છે. પરંતુ જે પરબ્રહ્મ, અવિનાશી પરમેશ્વરની સાધનામાં રત છે, પરન્તુ તેને સત્યનું જ્ઞાન નથી અને જેમાં નિષ્કામ, સરલ હૃદય ઉપાસના આદિ નથી તે તો અવિદ્યા ઉપાસક મનુષ્યથી પણ અધિક ગહન અંધકારમાં છે.

આ ઉપનિષદ્‌માં ભગવાનની ઉપાસનાની બાબતમાં પંદરમો અને સોળમો મંત્ર સમજવો અતિ જરૂરી છે. ઉપાસક ઉપાસનાની સિદ્ધિ માટે કરવા યોગ્ય ભગવાનની પ્રાર્થનાનો પ્રકાર આ મંત્રમાં બતાવ્યો છે.

**ક્રમશઃ**

# ગણેશ ચતુર્થી

જનકભાઈ એમ. ભટ્ટ

ભાદરવા સુદ ચોથ એ ગણેશ ચતુર્થી કહેવાય છે. આ દિવસે આપણને 'ગણપતિ દાદા મોરયા' ના નાદ ચારે બાજુથી સંભાળાતા હોય છે. મોરયાનો અર્થ નમસ્કાર થાય છે એટલે કે ગણપતિને નમસ્કાર. મોરેશ્વર નામનો ગણપતિનો એક મોટો ભક્ત થઈ ગયો. તેની ભક્તિને લીધે પ્રભુ સાથે તેનું નામ જોડાઈ ગયું. આમ જો કોઈ ભક્ત સંપૂર્ણ નિષ્ઠાથી સમર્પિત થઈ જાય છે. તો ભગવાનને વ્હાલો થઈ જાય છે.

ઋષિમુનિઓએ ગણપતિને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે આપણા શુભ કામમાં પ્રથમ તેનું પૂજન કરવામાં આવે છે. ગણપતિને ગજાનન કહેવામાં આવે છે. કારણ કે ભગવાન શિવજીએ એમના ધડ પર હાથીનું મસ્તક બેસાડ્યું છે આ વાતનો સંકેત પણ સમજવા જેવો છે. હાથી એ બુદ્ધિમાન પ્રાણી છે. ગણનાયક પણ બુદ્ધિમાન હોવો જોઈએ. શ્રુતિએ પણ બુદ્ધિનો મહિમા ગાયો છે.

ગણપતિની ઉપાસના માણસને ગણનાયક બનવાની ક્ષમતા આપે છે. ગણપતિ એ ગણપતિ છે. સાચા ગણનાયક પાસે કયા કયા પ્રકારના ગુણ હોવા જોઈએ તેનું સચોટ માર્ગદર્શન ગણપતિના સ્વરૂપમાંથી મળી રહે છે. સમજપૂર્વક ગણપતિનું દર્શન કરનાર વ્યક્તિ સાચા અર્થમાં ગણ(સમૂહ)નો પતિ(નાયક) બની રહે છે.

ગણપતિના ધડ પર હાથીનું મસ્તક છે, કારણ કે હાથી પાસે ઉદારતા છે જમતી વખતે હાથી શરૂઆતમાં બે-ત્રણ કોળિયા ઉડાડી મૂકે છે જેથી અનેક જીવજંતુઓને ખોરાક મળી રહે છે નાયક આવી વહેંચીને ખાવાની મનોવૃત્તિ હોવી જોઈએ.

ગણપતિના કાન સૂપડાં જેવા હોય છે. સૂપડાનો ગુણ છે કે 'સાર સારકો ગ્રહિ લિયે ઔર થોથા દેઈ ઉડાયે' સૂપડું ફોતરાં ફેંકી દે છે અનાજને પોતાની પાસે રાખે છે અને ફોતરાંને ફેંકી દે છે. તેમ નાયકના કાન મોટા હોવા જોઈએ તે કાચા કાનનો ન હોવો જોઈએ . આપણે સાંભળીએ બધાનું પણ માનવું વિવેકનું. મોટા કાન શ્રેષ્ઠ શ્રવણ શક્તિના સૂચક છે.

ગણપતિની આંખો ઝીણી છે. માણસે જીવનમાં સૂક્ષ્મ દૃષ્ટિ રાખવી જોઈએ. નાયક સૂક્ષ્મદૃષ્ટિ ધરાવતો હોવો જોઈએ. પરગુણને પારખવાની દૃષ્ટિ પણ નેતા પાસે હોવી જોઈએ. સહકાર્યકરોને બિરદાવવા અને પ્રોત્સાહિત કરવા જોઈએ. આમ નાયક પાસે સમાજનું કે રાષ્ટ્રનું ભવિષ્યદર્શન હોવું જોઈએ.

ગણપતિનું નાક મોટું છે. દૂર સુધીનું સૂંઘવા શક્તિમાન છે તેમ નાયક પાસે આસપાસના વાતાવરણ સૂંઘવાની ક્ષમતા હોવી જોઈએ. અહિતકારી કે રાષ્ટ્રવિરોધી કોઈ પણ પ્રવૃત્તિ થતી હોય તો તેની ગંધ આવી જવી જોઈએ.

ગણપતિને બે દાંત જોવામાં આવે છે એક દાંત અખંડ શ્રદ્ધાનો મહિમા સમજાવે છે, બીજો અડધો દાંત બુદ્ધિની અપૂર્ણતા કે મર્યાદા સૂચવે છે. બુદ્ધિ સીમિત છે. જ્યારે શ્રદ્ધા અસીમ છે. કોઈ પણ કામ આપણે કરીએ ત્યારે શ્રદ્ધા ગુમાવવી ન જોઈએ.

ગણપતિના એક હાથમાં અંકુશ રહેલો છે જે વાસના વિકારો પર સંયમ રાખવાનું સૂચવે છે. બીજા હાથમાં પાશ છે જે સામ, દામ, દંડ, ભેદ દ્વારા સૌ પર કાબૂ રાખવાનું સૂચવે છે. ત્રીજા હાથમાં મોદક છે, જીવનમાં મધુરતા,આનંદ ફેલાવવા માટે સંકેત કરે છે. ચોથો હાથ આશીર્વાદ આપે છે. નાયક, સંયમી પ્રેમાળ આનંદી સ્વભાવ ધરાવતો તેમજ શુભાભિલાષી હોવો જોઈએ.

ગણપતિનું લંબોદર-મોટું પેટ સૂચવે છે કે નાયક સાગર પેટ હોવો જોઈએ. અનંત વાતો પોતાના પેટમાં સમાવવી જોઈએ.

ગણપતિના નાના પગ સૂચવે છે કે વધુ પડતી દોડાદોડી કરવાથી કોઈ કામ સાધી શકાતું નથી. નાયક બીજા પાસેથી કામ લેવાની આવડત હોવી જરૂરી છે. ગણપતિનું વાહન ઉંદર છે. ઉદર માયાનું પ્રતીક છે. ઉંદરની જેમ માયા પણ માનવીને ફૂંકી ફૂંકીને કરડે છે માયાને અંકુશમાં રાખતાં આવડવી જોઈએ. ગણપતિને દુર્વા (ઘાસ) પ્રિય છે. લોકો જેને મહત્ત્વ આપતા નથી એવા ઘાસને તેમણે માન્ય કર્યું છે, ઘાસની કિંમત વધારી દીધી. લઘુમાં ગૌરવ નિર્માણ કરી શકે તે ગુરુ કહેવાય છે.

ગણપતિને લાલ ફૂલ ગમે છે. લાલ ફૂલ ક્રાંતિનું પ્રતીક છે. નાયકે વિચારક્રાંતિ દ્વારા સમાજમાં પરિવર્તન લાવવું જોઈએ.

આધ્યાત્મિક દૃષ્ટિએ જોઈએ તો આપણી

ઇન્દ્રિયોનો એક ગણ છે એ ગણનો પતિ મન છે. કોઈ પણ કાર્ય સિદ્ધ કરવું હોય તો સૌ પ્રથમ મનને શાંત અને સ્થિર કરવું જરૂરી છે. જેથી કોઈ વિઘ્ન ઊભું ન થાય અને કાર્ય સરળ રીતે પૂર્ણ થાય.તેની ગણપતિને વિઘ્ન વિનાશક કહ્યા છે.

ઋષિઓએ ગણપતિ પૂજન દ્વારા જીવનનું અલૌકિક દર્શન આપેલ છે તે ઋષિઓને પ્રણામ.

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં પૂજ્યમૂર્તિ, જ્ઞાનમૂર્તિ, મંગલમૂર્તિ, ગણપતિનું પૂજન-અર્ચન કરવાનું સૂચવેલ છે, તેમજ ગણેશચતુર્થીની સવિશેષ મહત્તા દર્શાવી છે. આપણે સૌ સંગઠિત થઈ ગણપતિનું પૂજન-અર્ચન કરીને ગણેશ ચતુર્થી ઉજવીએ - આ ગણેશ ચતુર્થીનો દિવસ ઉજવીને શ્રીજી મહારાજનો રાજીપો મેળવીએ.

---

# સાચા સંત

પ્રજ્ઞાબાઈ પી. ઠક્કર (વાગડ)

જ્યારે વરરાજા પરણવા એકલો જાય તો એકલાને કોણ ઓળખે ? સાથે ગીત સાચા-ખોટાં બોલીને પણ વરરાજાનો મહિમા વધારનારી જાનડીયોથી ભર્યું-ભર્યું લાગે છે પૂર્ણ પુરુષોત્તમ નારાયણ પોતાના દિવ્ય અક્ષરધામથી અવતરિત થઈને પોતાના છ હેતુ સિધ્ધ કરાવવા એકાંતિક ભક્તોને લાડ-લડાવા, અધર્મના મૂળ ઉખેડવા, પધારે છે ત્યારે પ્રેમી ભક્તો - સંતોને પોતાનું સ્વરૂપ ઓળખાવવા સાથે જ લાવે છે. તેવા સાચા સંતોનું શો મહિમા છે. તે ચાલો જાણીએ.

વેશધારી નહિ પણ વચ. ગ. પ્ર. ૨૭માં કહ્યા પ્રમાણે ૩૦ લક્ષણવાળા સંતો એજ વિશ્વનો શ્વાસ છે. ને ઢાંકણ છે પોતે માન અપમાનને સહન કરીને જીવોને ભગવાન ઓળખાવી ભવપાર કરાવનારા ભજનાનંદી સંતો એ તો પ્રભુનું હૃદય અને સમાજનો આધાર સ્તંભ છે.

એક જીવ સત્સંગમાં ચઢશે તો આખા બ્રહ્માંડ ઉગારવાનું પુણ્ય મળશે. એકવાળથી સો ફૂટ ઊંડી ખાઈ ઊલેચાય ત્યારે મોંઘો માનવદેહ મળે તેવું કુળ બતાવનારા સદ્- આનંદાનંદ સ્વામી સત્સંગ પ્રચારર્થે ભૂખ-તરસ વેઠી એક ગામથી બીજે ગામ વીચરી રહ્યાં છે.

ત્યાંથી એક ગામમાં બહાર જવાં વાહન નહીં મળતાં સ્વામીએ માવજી ભગતને કહ્યું મને બીજા ગામમાં સત્સંગ કરાવવા માટે ગાડામાં મૂકી જશો ? પ્રેમી ભક્તે હા કહી તેઓ પોતાનાં ગાડામાં બેસાડીને જતા હતા. રસ્તામાં હરણ આડું ઉતર્યું. બળદો ભડક્યાં સંત તો દૂર ફેંકાયાં ભગતનાં કેડ પર ગાડું ફરી વળ્યું ભક્ત બેહોશ થઈ ગયા. સ્વામીએ પાણી છાંટ્યું ને મીઠો હાથ ફેરવ્યો. ભક્તરાજ તો આળસ મરડીને બેઠા થયા. કહ્યું સ્વામી હું તો મહારાજ પાસે ધામમાં ગયો હતો. બહુ સારું સુખ લાગ્યું. શા માટે બોલાવ્યો સ્વામી કહે તારી સત્સંગમાં જરૂર છે. લોકો શું બોલે સાધુડા પાછળ દોડ્યો ને મરી ગયો આવું બોલે તે પોશાય ?

સંતની દુઆએ જે થાય તે દવાથી પણ ક્યાંથી થાય ? તેમની કેડમાં કેન્સર હતું એક હોલ (કાણું) પડી ગયું હતું. તે ગાડું ફરવાથી વેલ્ડીંગ થઈ ગયું. જગ્યા પૂરાઈ ગઈ. જેથી કેન્સર મટી ગયું શરીર હતું એનાથી પણ સારું થઈ ગયું તે આ ભજનાનંદી સંતનો પાવર આજ્ઞા ઉપાસનાનો હતો. વેરઝેર કે ઈર્ષા અદેખાઈથી સંત હોયતો પણ સાધના બળી જાય છે, માટે વચન સિધ્ધ આવા જોગિયાં હતા અને છે. તેનો સમાગમ કરવા સદ્ નિષ્કુળાનંદ સ્વામી બતાવે છે કે " જુગો જુગ જીવો આવા જોગિયા " જોગી જીવો રે આવા જગતમાં સગાં સહુનાં સોયજી શત્રુ શોધતા આ સંસારમાં જેને જડે નહિ કોઈ જી... જોગી જીવારે...

" ધન્ય ધન્ય એ સંત સુજાણને જેનું ઊલટી પલટ્યું આપ સંત તે સ્વયં હરિ " (૧) જેના મુખમાં મુખ મહારાજનું જેના વેણમાં વાલાના વેણ સંતતો સ્વયં હરિ... (૨) આપ ટળી મળ્યા ભગવાનમાં જેના આપમાં હરિ નો વ્યાપ... સંત તે સ્વયં હરિ... અખંડ હરિને ધારનાર પુ.અ.નિ.સંત હરિસ્વરૂપ સ્વામી પુરાણી ઘનશ્યામ જીવનદાસજી સ્વામી, પુ સદ્ ધર્મકિશોર સ્વામી, આદિ એવા બ્રહ્મનિષ્ઠ સંતો હતાને આપણી દિવ્ય દૃષ્ટિ હોય તો આજે સંતો છે તે જેનું નામ લેતાં પાપ જાય એવા એકાંતિક બાઈઓ પણ છે ને પૃથ્વીના પ્રલય સુધી એકાંતિક મુક્તો રાખશે. પ્રભુનો કોલ છે. તેમને ઓળખી સેવીને જીવનને પાવન કરીએ. અસ્તુ જય સ્વામિનારાયણ.

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## હિંડોળા દર્શન તથા પુલહાશ્રમ સાથે પ્રદર્શનનું ઉદ્‌ઘાટન

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે તા.૨-૮-૨૦૧૩ના રોજ સુંદર શણગારેલ ૧૨ હિંડોળાના દર્શન સાથે પ્રદર્શનનો પ્રારંભ કરવામાં આવેલ. પુલ્હાશ્રમ(મુક્તિનાથ) દર્શન અને હરિ વન વિચરણ સહિતનું પ્રદર્શન બ્રહ્મનિષ્ઠ વડીલ સંતો અને હરિભક્તોની ઉપસ્થિતિમાં ઉછામણીમાં હરિભક્તોએ તથા ટ્રસ્ટીઓએ સાથે ભાગ લીધેલો. ઉદ્‌ઘાટનની આરતી ઉતાર્યા બાદ પ્રદર્શન ખુલ્લું મુકવામાં આવેલ. અલગ અલગ હિંડોળાની આરતી ઊંચો આંક આપનાર હરિભક્ત યજમાનોએ સંતો સાથે ઉતારી હતી. સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી સ્વામી ભગવતજીવનદાસજી, કોઠારી સ્વામી હરિબળદાસજી અને કોઠારી સ્વામી દિવ્યસ્વરૂપદાસજીના માગદર્શન હેઠળ સંતો તથા હરિભક્તોએ ઘણા દિવસથી આ અંગેની તૈયારીઓ કરેલ. આ સુંદર પ્રદર્શનમાં શ્રીજી મહારાજને જમાડતા લાધીબાઈ, નાગદમન, નૃસિંહ ભગવાન, રામ-રાવણ યુધ્ધ, શિવલિંગ પર અભિષેક અને શંકર પાર્વતી, તેમજ ૧૦૮ ગાયોના મુખમાંથી ગંગોત્રી દર્શન આદિ સુંદર દશ્યો તૈયાર કરીને દર્શન માટે મુકવામાં આવેલ. પ્રથમ દિવસેજ ગામેગામથી આવેલ સાં.યો. બહેનો, હરિભક્તો તેમજ ભુજ શહેરના હરિભક્તો, અંજાર, માંડવીના સ્વામિનારાયણ મંદિરના સંતો હરિભક્તો હાજર રહેલ. દર્શન માટે લાઈનો લાગેલ. હરિભક્તોએ આવા સુંદર આયોજન બદલ સંતો તથા સેવાભાવી ભક્તોને ધન્યાવાદ આપેલ. રવિવાર તેમજ રજાઓના દિવસે ભુજ શહેર તેમજ ગામેગામથી હરિભક્તો પોતાના વાહનો, સ્પેશીયલ બસો દ્વારા દર્શનાર્થી ભક્તોની ભીડ જામતી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી દર્શને પધાર્યા.

સમગ્ર સંપ્રદાયમાંથી હરભક્તો ભુજમાં થતા હિંડોળાના દર્શન માટે પધાર્યા હતા. આ પ્રસંગે ખાસ અમદાવાદથી પ.પૂ.ધ.ધૂ. આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ પણ દર્શને પધાર્યા હતા. તા.૧૭-૮ના સવારે ૧૦ વાગ્યે મહારાજશ્રી ભુજ પધારેલા શ્રી નરનારાયણ આદિ દેવોના દર્શન કરી સુવર્ણ હિંડોળે ઝુલતા ઠાકોરજીની આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. પ.પૂ. મહારાજશ્રીના આગમનથી સંતો ભક્તો ખૂબ જ રાજી થયા હતા. અને પૂ. મહારાજશ્રી પણ આ પ્રસંગે પધારેલ સર્વસંતો હરિભક્તોને અંતરના આશીર્વાદ પાઠવ્યા હતા. અને હિંડોળે ઝુલતા ભગવાનને હૃદયમાં ઝુલાવવા ભલામણ કરી હતી.

ઉદ્‌ઘાટન સમારોહની સભાનું સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ કર્યુ હતું.

**હિંડોળા મહોત્સવના યજમાનશ્રીઓ**

- પ.ભ. વિશ્રામભાઈ લાલજી ગોપાલ-માધાપર (ઓસ્ટ્રેલિયા)
- પ.ભ.નારાણભાઈ મનજી કેરાઈ - બળદિયા
- પ.ભ.ગોવિંદભાઈ ધનજી રાબડીયા - ભુજ
- પ.ભ.હિરજીભાઈ પ્રેમજી છભાડીયા - માંડવી (કીટાલે)
- પ.ભ. પરબતભાઈ પ્રેમજી રાજાણી - રામપર (નૈરોબી)
- પ.ભ. એસ. એસ. પટેલ
- પ.ભ. હિરજીભાઈ પ્રેમજી રાજાણી
- પ.ભ. મુરજીભાઈ કરશન શિયાણી - ભુજ (વેકરા)
- પ.ભ.પરબતભાઈ ભીમજી શિયાણી - મીરજાપર
- પ.ભ. સાં.યો. કુંવરબાઈ - માધાપર
- પ.ભ. કુંવરજીભાઈ મનજી કેરાઈ - બળદિયા
- પ.ભ. માવજીભાઈ કરસન રાજાણી
- પ.ભ. વિશ્રામભાઈ શીવજી લાલજી - ઓસ્ટ્રેલિયા
- પ.ભ. વાઘજીભાઈ કલ્યાણ કેરાઈ - રામપર
- પ.ભ.વિશ્રામભાઈ કુંવરજી - નારાણપર

- પ.ભ. વીરજીભાઈ મનજી રાઘવાણી - બળદિયા
- પ.ભ. દિનેશભાઈ વિશ્રામ કેરાઈ - શીડની
- પ.ભ. નારાણભાઈ પ્રેમજી દેવજી વેકરીયા - સીડની
- પ.ભ. ખીમજીભાઈ રામજી ભુડીયા - દહીંસરા
- પ.ભ. કાનજીભાઈ દેવજી મેપાણી - સુખપર
- પ.ભ. રવજીભાઈ માવજી ભુડીયા - માધાપર
- પ.ભ. વિનોદભાઈ ધનજી હાલાઈ - કેરા
- પ.ભ. ભીખાલાલ વેલજી ગોરસીયા - સુખપર
- પ.ભ. રૂડાભાઈ પ્રેમજી રાજાણી - રામપર (નૈરોબી)
- પ.ભ. હરીશભાઈ મેઘજી રાબડીયા - નૈરોબી

## ભુજ મંદિરમાં હિંડોળા મહોત્સવ પૂર્ણાહુતિએ ધૂન, મહાઆરતી, રાસોત્સવ

ભુજમાં શ્રી સ્વામિનારાયણ મંદિરે તા. ૨૨-૮-૧૩ ગુરૂવારે હિંડોળા મહોત્સવની પૂર્ણાહૂતિ નિમિત્તે ધૂન, મહાઆરતી અને ઠાકરથાળી વિગેરે કાર્યક્રમ રાખવામાં આવેલ.

મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસદજી, સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી. કોઠારી પાર્ષદ જાદવજી ભગતની પ્રેરણાથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ તેઓના આશીર્વાદથી આ સમગ્ર કાર્યક્રમમાં ભુજ તેમજ આસપાસના ગામોમાંથી સત્સંગી હરિભક્તાએ વિશાળ સંખ્યામાં હાજરી આપેલ. સાંજે ૫ થી ૭:૩૦ વાગ્યા સુધી ધૂન, કીર્તન અને મહાઆરતી રાખવામાં આવેલ. રાત્રે ૭:૪૫ થી ૯ વાગ્યા સુધી ઠાકરથાળી અને રાસોત્સવ યોજવામાં આવેલ. જેનો ભુજ ઉપરાંત ગામેગામથી સત્સંગી હરિભક્તોએ લાભ લીધેલ.

આ સમગ્ર આયોજન કોઠારી સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી, સ.ગુ. સ્વામી હરિબળદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, ઉપકોઠારી સ્વામી ઘનશ્યામસેવકદાસજી, સ્વામી રઘુવીરચરણદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી આદિ સંતોના માર્ગદર્શન હેઠળ સુંદર આયોજન થયેલ ઠાકરથાળી અને રાસોત્સવના યજમાન પદે ભુજના અ.નિ. રવજીભાઈ ધનજી રાબડીયા અને માધાપરના વિશ્રામભાઈ શીવજી રાબડીયા રહેલ. જેમને સંતો દ્વારા પહેરામણી સાથે આશીર્વાદ પાઠવ્યા હતા.

## પંચાહ્ન પારાયણ

ભુજ મંદિરમાં તા. ૨૮-૭-૧૩ થી તા. ૧-૮-૧૩ અષાઢ વદ-૬ થી અષાઢ વદ-૧૦ દિવસ પાંચ સુધી કથા પારાયણ સુખપરના વેલજી માવજી હરજી ભગત હસ્તે. માવજીભાઈ ભગતના યજમાન પદે યોજવામાં આવેલ જેમાં સવારની કથામાં શિક્ષાપત્રી ભાષ્ય કથાકાર પુ. સ્વામી ધર્મવિહારીદાસજી તેમજ સાંજની કથા શા. સ્વામી શુકમુનીદાસજીએ પોતાની સુંદર રીતે હરિભક્તોને સમજણ આપેલ. (કથાનું રસપાન કરાવેલ.) કથામાં આવતા પ્રસંગો ઉજવવામાં આવેલ હતા. આ કથાનો લાભ ભુજના તેમજ સુખપર ગામોના હરિભક્તો લાભ લીધેલ.

છેલ્લે યજમાન પરિવારને આશીર્વાદ સાથે ભુજ મંદિર દ્વારા પહેરામણી કરવામાં આવી હતી.

## સપ્તાહ પારાયણ

ભુજ મંદિરે લંડન વિલ્સડન લેનશ્રી સ્વામિનારાયણ મંદિરના મહિલા મંડળ તરફથી ભુજ મંદિરમાં કથા પારાયણ શ્રાવણ સુદ-૮ થી પાંચ દિવસની કરવામાં આવેલ. આ કથામાં યુવક મંડળના હરિભક્તોએ પૂજન, આરતીમાં ભાગ લીધેલ. આ મહોત્સવનું આયોજન વિલ્સડન મંદિરના બહેનો હરિભક્તોએ ભેગા મળીને કરેલ હતું. આ કથામાં સવારના સત્રમાં શિક્ષાપત્રી ભાષ્ય પુ. સ્વામી ધર્મવિહારીદાસજી તથા સાંજની કથામાં શ્રી મદ્ ભાગવત્ શા.સ્વામી શુકમુનીદાસજીએ સુંદર શૈલીમાં સરળ રીતે સમજાવી હરિભક્તોના અંતરમાં ઉતરે તેવી સરળ ભાષામાં સમજાવેલ. તેજ રીતે શિક્ષાપત્રી ભાષ્યમાં પણ હરિભક્તોને પણ સરળ રીતે સમજ આપેલ. કથામાં આવતા પ્રસંગોની ઉજવણી કરવામાં આવેલ. કૃષ્ણ જન્મ પ્રસંગે યુવક મંડળના યુવાનોદ્વારા ધામધૂમથી ઉજવવામાં આવેલ હતો. કથાના સમાપન દિવસે આવેલ ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધેલ હતો.

અહેવાલ :- પ્રાણલાલભાઈ ગોર - ભુજ

# શ્રાવણ સુદ-૧૧ના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ

**શ્રી નરનારાયણ આદિ દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ**

- રતનબાઈ હરજી નાનજી ખેતાણી - મદનપુર
- કાન્તાબેન જાદવજી આંબા - લંડન
- સાં.યો. હર્ષાબેન કાનજી ગોરસીયા - મદનપુર
- હિતેશ હરજી હિરાણી - માનકુવા
- દર્શનભાઈ ઉમિયાશંકર ગોર - ભુજ
- કરસનભાઈ રામજી વાઘજીયાણી ધ.પ.કાન્તાબેન, સુપુત્ર ધર્મેશ, પ્રકાશ - સુખપર
- લાલજી લખમણ ભુડીયા - આથમણી સુખપર
- કલ્યાણભાઈ દેવજી વેકરીયા - રામપર
- શામબાઈ માવજી દબાસિયા - માનકુવા
- અ.નિ. પશીબેન ધનજી કલ્યાણજી સહપરિવાર હ. જેઠી ચંદ્રકાંત ધનજી
- મહેશભાઈ હરિલાલ ઠક્કર - ભુજ
- રામજી વાલજી રાબડીયા ધ.પ.રાધાબેન સહપરિવાર- નાગલપર,માંડવી
- નિશાબેન માવજી રાબડીયા - માંડવી
- મનજીભાઈ વેલજી કરસન વેકરીયા તથા સામબાઈ માવજી રાબડીયા
- મનીષાબેન મનસુખલાલ વરસાણી - સામત્રા હ. રાજેશભાઈ
- ધનજીભાઈ રવજી - ભારાસર હ. મનજી પ્રેમજી વરસાણી
- લાલબાઈ લખમણ હિરાણી - ભક્તિનગર
- માનસીબેન લક્ષ્મણ વેકરીયા - સુખપર
- સાં.યો. સવિતાબાઈ ધનજી ભુડીયા - મદનપુર હ. રામબાઈ
- વાલજી મનજી વેકરીયા - મદનપુર
- લાલજી વિશ્રામ વેકરીયા - નારાણપર ની.વાસ
- નીલેશ શંભુલાલ સોની - નારાણપર
- પુરબાઈ શીવજી વરસાણી - માનકુવા
- શાંતાબેન રામજી દબાસીયા - માનકુવા
- રામબાઈ દેવશી મેપાણી - સુરજપર
- વિજય વેલજી હિરાણી - બળદિયા
- રાધાબેન ગોવિંદ હિરાણી - બળદિયા
- માવજી ધનજી વરસાણી - માનકુવા
- વાલજી હરજી ગોરસીયા ધ.પ. વાલબાઈ સુત પ્રવિણ તથા ગોપાલ
- રામજીભાઈ વાલજી હિરાણી - મેઘપર
- અ.નિ. સાં.યો. લીરબાઈ અરજણ - નારાણપર, હ. શિષ્ય મંડળ સાં.યો. વાલબાઈ વગેરે
- રામબાઈ ખીમજી ગોરસીયા - માધાપર હાલે લંડન
- અરજણભાઈ રામજી પિંડોરીયા ધ.પ. સામબાઈ માધાપર
- સોની જલ્પાબેન દીનેશચંદ્ર મહેચા - ભુજ હ. દીનેશચંદ્ર ધારશી મહેતા
- પ્રીતમભાઈ નવીનચંદ્ર હાલાઈ - કેરા
- રાજેશભાઈ દેવશી મેપાણી - સુખપર
- દેવશીભાઈ રતના મેપાણી - સુખપર
- પરેશભાઈ ધનજી હરજી કેરાઈ - કુંદનપર
- સાં.યો. સીતાબાઈ શીવજી ગોરસીયા - ભુજ
- દેવશીભાઈ શીવજી ભુડીયા ગં.સ્વ. રતનબાઈ દેવશી ભુડીયા - માનકુવા
- વિજ્યાબેન ઘનશ્યામ વરસાણી - સુખપર
- માવજીભાઈ વિશ્રામભાઈ હિરાણી ધ.પ. હસ્મિતાબેન -ફોટડી
- જગદીશભાઈ વાલજી દબાસીયા - ભક્તિનગર
- ઠક્કર રમેશચંદ્ર વિસનજી ચોથાણી - ભુજ
- સાં.યો. દેવબાઈ મનજી વેકરીયા - મદનપુર હ. વાલજીભાઈ મનજી
- સાં.યો. હર્ષાબેન કાનજી ગોરસીયા - મદનપુર
- ધનજી હિરજી હિરાણી - મદનપુર
- સાં.યો. હર્ષાબેન કાનજી ગોરસીયા - મદનપુર હ. મુરજી કરસન રૂપાલિયા - મદનપુર
- શ્રી હસુભાઈ ઠક્કર - ભુજ

**શ્રી નરનારાયણદેવના રસોડાની સેવા**

૧) ધનબાઈ કરસન કેરાઈ - સુખપર હ. વાલજી હરજી ગોસીયા
૨) શાંતિલાલ લાલજી વરસાણી - સામત્રા
૩) નાથાભાઈ મુરજી હીરાણી - સુખપર
૪) સાં.યો. પુરબાઈ હરજી ભુવા
૫) અમરબાઈ પરબત હીરાણી - ગોડપર

# સત્સંગ સમાચાર

## વાગડના પલાસવા ગામે હિંડોળા ઉત્સવનું ઉદ્‌ઘાટન

માનવ ઉત્સવ પ્રિય છે. તેથી જ સ્વામિનારાયણ સંપ્રદાયમાં દરેક મંદિરે ભવ્ય હિંડોળા મહોત્સવનું એક મહિના સુધીનું પર્વ ઉજવાય છે.

સ્વામિનારાયણ સંપ્રદાયને વરેલો વાગડ પ્રાંતના પલાસવા ગામનો નવો સત્સંગ સમુદાય પણ આ ઉત્સવ ઉજવવાનું નક્કી કર્યું. લંડનથી પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીની આજ્ઞા અને આશીર્વાદ મેળવી આજે રોજે તા. ૪-૮-૨૦૧૩ના રોજે નવ્ય ભવ્ય હિંડોળાનું ઉદ્‌ઘાટન રાપર ગુરુકુળના શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી અને સ્વામી નૌતમમુનિદાસજીની ઉપસ્થિતિમાં ભરવાડ રામાભાઈ નારણભાઈએ ઊંચો ચડાવો લઈ ઠાકોરજીને હિંડોળામાં પધરાવીને આરતી ઉતારી હતી.

આ ઉત્સવમાં પલાસવા ગામનાં ભરવાડ સમુદાયના તથા અન્ય ભાવિકોએ પણ લાભ લીધો હતો. મોભી સત્સંગી મોતી ભરવાડે પણ લંડનથી સર્વેને જય શ્રી સ્વામિનારાયણ કહ્યા હતા. ગામના મોભીઓમાં વિરમા સીધા, અરજણ વજા, સકતા સીંધા, રામા ભાણા, હીરા મોતી, રાણા પોલા, ધારા બેચરા, રામા પાંચા, કરસન સીંધા , લાલા નારણ, કરસન દેવા, હીરજી કારોત્રા રાપર-નાનજી બાપા રાપર ગુરુકુળ-સાગર ભગત, રાપર ગુરુકુળ આશરે ૫૦૦ની સંખ્યામાં ભાઈઓ-બહેનો અને બાળકો હાજર રહ્યા હતા. સર્વેને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મોભી સત્સંગી પ.ભ.નારણભાઈ ધારાભાઈ ભરવાડે સફળ સંચાલન કર્યુ હતું.

અહેવાલ :- સુરેશભાઈ સાધુ

## હિંડોળા મહોત્સવ અંજાર

અંજાર સ્વામિનારાયણ મંદિરમાં દબદબાભેર હિંડોળા મહોત્સવની ઉજવણી થઈ.

દર વર્ષની જેમ આ વર્ષે પણ બહેનોના મંદિરમાં વિવિધ કલાત્મક બાર હિંડોળાઓ બહેનોએ પ્રેમ ઉત્સાહ અને ભાવથી બનાવ્યા હતા. તેમજ નિજ મંદિરના પાટાંગણમાં પંદર ફૂટ ઊંચાઈવાળા આંબાની ડાળખીઓમાં જુદી જુદી ડિઝાઈનોથી કંડારાયેલા બાર હિંડોળા તેમજ વિશ્વની નાની અજાયબીઓનું દશ્ય ખડું કરવામાં આવ્યું હતું. જેમાં રાતદિવસ સેવા આપનાર પુ. કૃષ્ણવિહારીદાસજી સ્વામી, રાધારમણદાસજી સ્વામી, ઘનશ્યામનંદનદાસજી સ્વામી, માધવપ્રિયદાસજી સ્વામી તથા નાગલપર વાડી વિસ્તારના નવયુવાનો તેમજ શહેરી યુવાનોએ જહેમત ઉઠાવી હતી.

તા. ૮,ઓગસ્ટના આચાર્ય મહારાજશ્રી પધારેલા તેમના વરદ્ હસ્તે યજમાનશ્રીઓના સાંનિધ્યમાં હિંડોળાઓનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ અવસરમાં ભુજ,માંડવી તેમજ ગુરુકુલોથી મોટી સંખ્યામાં સંતો અને કચ્છ પ્રાંતની સાંખ્યયોગી બહેનોએ હાજરી આપી હતી. ઉપરોક્ત પ્રસંગ પૂજ્ય શ્રીહરિદાસજીની પ્રેરણા અને આશીર્વાદથી ઉજવાયેલ હતો. સભાપતિ પદ શા. કૃષ્ણસ્વરૂપદાસજીએ સંભાળ્યું હતું.

ઉત્સવના દર્શનનો લ્હાવો હજારો માનવ ભક્તોએ લીધો હતો.

તા. ૧૫ ઓગસ્ટ ભારત રાષ્ટ્રીય પર્વે ઈન્દ્રમહારાજાએ અંજાર ઉપર મેઘ વર્ષાની હેલી વરસાવી અને શહેરની શોભા વધારતું સ્વામિનારાયણ સરોવર(સવાસર તળાવ) છલકાયું. તેની ઉજવણી વધાવવાની અંજાર મંદિરના સંતો તથા નગરપતિઓ, રાજનેતાઓ, ગ્રામવાસીઓ મળી ઉત્સાહભેર કરી હતી.

અહેવાલ :- શા. ભક્તિપ્રિયદાસજી, અંજાર

## "સરસ્વતી સન્માન સમારોહ"

સુખપર (તા.ભુજ) સ્થિત શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળામાં સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થીભુવનનાં સંચાલક શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજી, સ્વામી ભક્તિનંદનદાસજી, અક્ષરમુક્તદાસજી આદિ સંતો, સંસ્થાનાં અધ્યક્ષ શ્રી ગુલાબશંકર મહારાજ, પ્રમુખશ્રી શીવજીભાઈ આદિ ટ્રસ્ટીઓ દ્વારા દીપ પ્રાગટ્યથી તેમજ વિદ્યાર્થીઓનાં વેદઘોષ વડે થયો હતો. ત્યારબાદ આવેલાં અતિથિઓ અને સંતોનું શબ્દપુષ્પરૂપ સ્વાગતગીત, પુષ્પહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

પાઠશાળાનાં પ્રધાનાચાર્યશ્રી દુર્ગેશભાઈ ભટ્ટે પોતાનાં પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, સરસ્વતી સન્માન એટલે જ્ઞાનનું અને ધ્યેયનું પૂજન છે. ત્યારબાદ તેમણે પરિણામની વિસ્તૃત માહિતી આપતાં તેમજ ઈનામોની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે સતત આ વર્ષે પણ પાઠશાળાનું પરિણામ ૧૦૦% આવેલ છે. ત્યારબાદ વિદ્યાર્થીઓને સંતોને હસ્તે સન્માનવામાં આવ્યાં હતા. જેમાં ધો-૯ થી ધો-૧૨ સુધીનાં વિદ્યાર્થીઓને સન્માનાયા હતાં. ધો.૧૦માં પ્રથમ સ્થાને દવે જીગર સુરેશભાઈ, દ્વિતીય ગોર ધ્રુવ પ્રદ્યુમનભાઈ, તૃતિય બાલાસરા રોહિત હરસુખભાઈ રહ્યા હતાં. જ્યારે ધો.-૧૨માં પ્રથમ સ્થાને આચાર્ય ભાવેશ કિશોરભાઈ, દ્વિતીય ખાંડેખા અરવિંદ મગનલાલ અને તૃતીય રાવલ મયુર મોહનલાલ રહ્યા હતાં. આ પ્રસંગે સમગ્ર ગુજરાત રાજ્યમાં ધો.૧૦નાં 'વ્યાકરણ' વિષયમાં સૌથી વધારે ગુણમેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનારાં ગોર ધ્રુવ પ્રદ્યુમનભાઈ તેમજ 'પૌરોહિત્યમ્' વિષયમાં પણ રાજ્યમાં સર્વાધિક ગુણો મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર જોષી પ્રકાશ ચેનારામને સન્માનવામાં આવ્યાં હતાં. ત્યારબાદ ધો.-૧૨નાં વિદ્યાર્થી જયેશ જોષીએ 'પુરાણ' એ વિષય પર સંસ્કૃતભાષામાં પ્રવચન કર્યું હતું.

ત્યારબાદ સંસ્થાનાં ઉપમંત્રીએ સંસ્થાકીય પરિચય આપી સમજ આપી હતી. સંસ્થાનાં ટ્રસ્ટીશ્રી જનકભાઈ ભટ્ટે પણ વકતવ્ય આપતાં જણાવ્યું હતું કે બાલક, પાલક, શિક્ષક, સંચાલક અને શાસક એ શિક્ષણરૂપી ઈમારતનાં પાંચ પાયાઓ છે. આમ જણાવી તેમણે શિક્ષિત થવા હાકલ કરી હતી. ત્યારબાદ સંતો પૈકી શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજીએ આશીર્વાદ સાથે જણાવ્યું કે "દેશમાં વિદ્વાનો અને સંતોનું પૂજન થવું જોઈએ. વેદમંત્રો સાંભળી હું આનંદિત થયો છું અને આવી રીતે વેદોને સાચવવાની તાતી જરૂરિયાત છે. તેમજ ઉપનિષદો,ગીતા વગેરે શાસ્ત્રોને સાચવવા અને તેમનો અભ્યાસ પણ બહુ જરૂરી છે."

અંતે સંસ્થાનાં અધ્યક્ષશ્રી ગુલાબશંકર મહારાજે આશિષ આપતાં જણાવ્યું કે, આજે વિદ્યાર્થીઓની રજુઆતથી આનંદ થયો અને તેમણે આદ્ય જગદ્‌ગુરુ શંકરાચાર્ય તથા મંડનમિશ્રનો સંવાદ રજુ કરી સંસ્કૃતભાષાને ટકાવી રાખવા હાકલ કરી હતી.

આ કાર્યક્રમમાં સંસ્થાનાં ટ્રસ્ટીઓ પૈકી પ્રવિણભાઈ રાબડીયા, પ્રેમજીભાઈ, તાલુકા પંચાયતનાં સદસ્યશ્રી લાલજીભાઈ, જનકભાઈ વગેરે હાજર રહ્યાં હતાં. અને સંસ્થાનાં શિક્ષકગણે આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમ સંચાલન પાઠશાળાનાં આચાર્યશ્રી દુર્ગેશભાઈ ભટ્ટે કર્યું હતું અને સંસ્થાનાં ટ્રસ્ટીશ્રી વિપુલભાઈ મહેતાએ આભારવિધિ કરી હતી.

અહેવાલ :- આચાર્યશ્રી દુર્ગેશભાઈ ભટ્ટ


|| શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ||

निजात्मानं ब्रह्मरूपं देहत्रय विलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ।। शि.११६

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-સંચાલિત

કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ આયોજીત

**દશાબ્દી શિબિર - 2013**

निजात्मानम्
कच्छ श्री नरनारायणदेव युवक मंडळ

**प्रारंभ**
સંવત્ ૨૦૭૦ કારતક સુદ-૬
તા. ૮-૧૧-૨૦૧૩ શુક્રવાર

**पूर्णाहुति**
સંવત્ ૨૦૭૦ કારતક સુદ-૧૦
તા. ૧૨-૧૧-૨૦૧૩ મંગળવાર

૧૫ થી ૪૫ વર્ષના યુવાનો આ શિબિરમાં ભાગ લઇ શકશે.

યુવક મંડળમાં ૧૦ વર્ષથી બનેલા સભ્યો માટે આ શિબિરમાં ૫ દિવસ પ્રવેશ મળશે.

વડીલો બહેનો તથા અન્ય દરેક ભક્તો માટે દરરોજ બપોર પછી ૩ થી ૬ કલાક સુધી પ્રવેશ મળશે.

તા. ૧૨-૧૧-૨૦૧૩ના બપોર પછીનો ૨ થી ૫ વાગ્યા સુધીનો સમય માત્ર
કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતી મંડળનાં બહેનો માટે જ રહેશે. વધુ માહિતિ માટે બહેનોના મંદિર-ભુજનો સંપર્ક કરવો

સ્થળ : શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિર, ભુજ-મિરજાપુર    સંપર્ક : ૦૨૮૩૨-૨૫૦૪૩૧

## "શ્રીહરિ વિદ્યામંદિરના પ્રાંગણમાં ૬૭મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી"

શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજી, રામપર-વેકરા દ્વારા સંચાલિત શ્રીહરિ વિદ્યામંદિરના પ્રાંગણમાં દિનાંકઃ ૧૫-૦૮-૧૩, ગુરૂવારના રોજ સંચાલક સંતો, ટ્રસ્ટીશ્રી, આમંત્રિતો, વાલી તથા શિક્ષકગણ તેમજ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં ભારતીય નાગરિક તરીકે આપણી મૂળભૂત ફરજમાં આવતા રાષ્ટ્રીય પર્વ એવા ૬૭મા સ્વાતંત્ર્યદિનની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

મોંઘામૂલે મળેલ આ સ્વતંત્ર દિવસને વધાવવા પ્રકૃતિ પણ સોળેકલાએ ખીલી ઉઠી હતી. આ પવિત્ર અવસરે સંસ્થા સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી, પુરાણી સ્વામી ભક્તિવિહારીદાસજી, સ્વામી સત્યજીવનદાસજી, ટ્રસ્ટી શ્રી હરજીભાઈ વેકરીયા, શિક્ષણ સમિતિના સદસ્ય પ્રવીણભાઈ પીંડોરીયા. શ્રી વાલજીભાઈ આશાણી, શાળાના આચાર્ય શ્રી નવીનભાઈ પોકાર આદિક આમંત્રિતોના હસ્તે શ્રીહરિની પ્રાર્થના બાદ ત્રિરંગાને મુક્ત ગગનમાં લહેરાવવામાં આવ્યો હતો. સલામીસહ રાષ્ટ્રગીતનું સૌ એ ગાયન કરી મા ભારતીના નામનો બુલંદ નાદે જયઘોષ કર્યો હતો.

ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ સમૂહ કવાયતે સૌને સમતાના પાઠ શીખવ્યા હતા. શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજીએ પ્રસંગને અનુરૂપ આહ્‌વાન સભર વાણીમાં ઉદ્‌બોધન કરી પર્વને શોભાવ્યો હતો. એમણે કહ્યું કે, " આજે અને આગામી રક્ષાબંધનના પર્વ પર આપણે સૌ દેશ, ધર્મ અને સંસ્કૃતિના રક્ષણનું સંકલ્પ બિનચૂક લઈ રાષ્ટ્ર પ્રત્યેની ફરજ અદા કરીએ." વરસાદી વાતાવરણના કારણે સમગ્ર કાર્યક્રમ ખડેકદમ ઉજવાયો ત્યારે સુજ્ઞ વાલીઓએ પ્રેરક અર્થઘટન કરતાં કાર્યક્રમ બાદ પ્રતિભાવ આપ્યો કે, ભારત દેશને ગુલામીમાંથી મુક્ત કરાવનારા શહીદોને આ રીતે જ શ્રદ્ધાંજલી અર્પિત કરવી જોઈએ જેમાં સૌના હૈયે દેશ પ્રત્યેની અતૂટ ભાવનાના દર્શન થયા.

શ્રી હરજીભાઈ વેકરીયાએ પ્રસાદની વહેંચણી કરી વિદ્યાર્થીઓને આનંદિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરતા શ્રી નયનભાઈ ચાવડાએ સૌ પ્રત્યે અભિનંદનની લાગણી વ્યક્ત કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો. અહેવાલ :- આચાર્યશ્રી

## હિંડોળા ઉત્સવ રાપર

શ્રી સ્વામિનારાયણ મંદિર રાપર મધ્યે અષાઢ વદ-૨ તા.૨૪-૭-૧૩ થી શ્રાવણ સુદ-૨ તા.૨૨-૮-૧૩ સુધી ભવ્ય રીતે હિંડોળા ઉત્સવનું આયોજન ધામધૂમ પૂર્વક થયું હતું.

વિશેષમાં તા.૨૮-૭-૧૩ના રોજ ૧૨ હિંડોળા, શ્રી હરી ચરિત્ર પ્રદર્શન, હિમાલય દર્શન વગેરેનું ઉદ્‌ઘાટન ભુજ સ્વામિનારાયણ મંદિરના બ્રહ્મનિષ્ઠ સંતો સ.ગુ.સ્વામી હરિબળદાસજી, સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, સ્વામી પરમહંસદાસજી, સ્વામી સરયુદાસજી, સ્વામી મુનીશ્વરદાસજી, સ્વામી સંતસ્વરૂપદાસજી, સ્વામી બદ્રીશ્વરદાસજી, રાપર ગુરુકુળથી શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપ દાસજી, સ્વામી મુકુન્દમુનીદાસજી, સ્વામી નૌતમમુનીદાસજીના વરદ્ હસ્તે થયું હતું.

મુખ્ય યજમાન પ.ભ.શ્રી ગોકળ હોથી કારોત્રા રહ્યા હતા તથા અન્ય યજમાનો વિનોદ બાબુલાલ દાવડા, હરી કારૂ આરેઠીયા, હરજી હરી પોલાર, ખીમજી રૂડા કારોત્રા, નારાણ ગોપારા ગજોરા તથા રત્ના અવચર ચૌધરી વગેરે હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્વામી સંતસ્વરૂપદાસજી તથા સ્વામી કૃષ્ણપ્રિયદાસજીએ કર્યુ હતું.

આ ઉત્સવમાં રાપર તાલુકાના ગામોના તથા શહેરીજનો બહોળી સંખ્યામાં આવ્યા હતા.

દરરોજ ઠાકોરજીને કઠોળ,રમકડા, અનાજ, ડ્રાયફ્રુટ, ચલણી નોટ સિક્કા વગેરે વિવિધ ચીજ વસ્તુથી હિંડોળા બનાવી ભગવાનને ઝુલાવ્યા હતા.

હિંડોળા તથા પ્રદર્શનની સેવામાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સભ્યો તથા યુવતી મંડળની બહેનો જોડાયા હતાં.

છેલ્લા દિવસે હિંડોળાની સંતોના વરદ્ હસ્તે સમૂહ મહાઆરતી કરી હિંડોળા ઉત્સવનું સમાપન થયું હતું. અહેવાલ :- કેતન ભરતભાઈ દાવડા

## ઉદ્‌ઘાટન એવમ્ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ જાહેર આમંત્રણ

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા દેશ-વિદેશમાં સ્થાયી સત્સંગીઓને સંપૂર્ણ સુવિધા પૂરી પાડવાના હેતુથી ગાંધીનગર (ભાટ), અમદાવાદ એરપોર્ટથી માત્ર ૩.૫ કિ.મી.ના અંતરે નૂતન અને અદ્યતન શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન તૈયાર થઈ ગયું છે. આ સંકુલ ૫ માળનું બનેલું છે. જેમાં ૧૧૦ જેટલા રૂમો નો સમાવેશ થાય છે. તેમાં હરિભક્તોને રહેવા માટે છ.ઝ. , દ્વંદ્વ છ.ઝ. રૂમો, સંપૂર્ણ છ.ઝ. ડાઈનીંગ હોલ ની સુવિધા થી માંડી વિદેશથી આવતા હરિભક્તોને એરપોર્ટથી લઈ જવા અને લઈ આવવા માટે ગાડીની પણ વ્યવસ્થા રાખેલી છે. તેમજ દર્શનાર્થી હરિભક્તો માટે નયન રમ્ય પ્રાર્થના મંદિર પણ સંકળાયેલું છે.

સંતો તથા સાંખ્યયોગી બહેનો માટે અલગથી વ્યવસ્થા કરવામાં આવેલી છે. સમુદાયમાં આવેલા હરિભક્તો માટે જનરલ હોલની પણ સુવિધા છે આ નૂતન અને રમણીય તૈયાર થયેલું શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન (ભુજશ્રી નરનારાયણદેવ સંચાલિત) નું ઉદ્‌ઘાટન એવમ્ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પૂ. આચાર્ય મહારાજશ્રી તેમજ ભુજ મંદિરના મહંત સ્વામીશ્રી ના વરદ્ હસ્તે તા.૯-૧૦-૧૩ થી તા.૧૩-૧૦-૧૩ પર્યંત અતિ ધામધૂમથી ઉજવવાનું નક્કી કરેલ છે. આ પ્રસંગે (પંચાહ્ન પારાયણ)નું આયોજન કરેલ છે. આ અવસરને પાવન કરવા પૂ. મહારાજશ્રી, પૂ. મોટા મહારાજશ્રી તેમજ ભુજ, અમદાવાદ, ગાંધીનગર, અંજાર, માંડવી તેમજ ભુજ મંદિરની શૈક્ષણિક સંસ્થાનોના સંચાલક સંતો બહોળી સંખ્યામાં પધારશે. તો આ પ્રસંગે દર્શન અને આશીર્વચન પ્રાપ્ત કરવા સર્વે હરિભક્તોને પધારવા નિમંત્રણ પાઠવીયે છીએ.

ખાસ નોંધ :- વિદેશથી આવતા હરિભક્તોને એરપોર્ટ પીકપ માટે આ નંબર ઉપર સંપર્ક કરવો.: ૦૭૯-૨૯૨૮૮૪૯૯ મો.૦૯૪૦૮૪૪૪૪૩૧

**સ્થળ :- શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન, એપોલો હોસ્પિટલ આગળ, અમદાવાદ - ગાંધીનગર એરપોર્ટ રોડ, ભાટ-અમદાવાદ.**

## કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, ભુજના વાગડ પંથકના પ્રસાદી સ્થળો તેમજ અંજાર-માંડવી હિંડોળા ઉત્સવનો યાત્રા પ્રવાસ

તા. ૧૮-૮-૨૦૧૩ના રોજ શ્રી ભુજ સ્વામિનારાયણ મંદિરેથી સવારના મંગળા આરતી બાદ યુવક મંડળના ૫૦ થી ૫૫ યુવકો તથા શ્રીજીના લાડીલા પરમહંસો સાથે આ યાત્રાનો પ્રારંભ જયઘોષના નાદ સાથે થયેલ.

આ યાત્રામાં પુ. સ્વામી પરમહંસદાસજી, અક્ષરપ્રિયદાસજી સ્વામી, ત્યાગવલ્લભદાસજી સ્વામી, ધર્મસ્વરૂપદાસજી સ્વામી, સવ્રતમુનિદાસજી સ્વામી તથા ભગત અને યુવાનો, વડીલો તથા બાળકો સાથે ભુજથી દુધઈ ગંગાજીના દર્શન કરી સારણગંગા ત્યાંથી ધમડકામાં મહારાજના અતિ લાડીલા ભક્ત એવા કરણીબાનું ઘર આવેલ તે સ્થળના દર્શનનો લાભ લીધેલ ત્યાંથી નવા ગામ ભચાઉ મધ્યેના સ્વામિનારાયણ મદિરમાં સૌ હરિભક્તોએ દર્શન કરેલ.

આગળ વધતાં ખારોઈ સ્વામિનારાયણ મંદિર દર્શન કરી આગળના યાત્રા પ્રવાસમાં ચોબારીના ઘનશ્યામ નગરે આવેલ સ્વામિનારાયણ મંદિરના દર્શન કરી, આગળ વધતા કંથકોટ, આ કંથકોટ કિલ્લો ૧૩મી સદીનો ઈતિહાસ દોરી જાય છે. આ કંથકોટમાં સૌ હરિભક્તો પગે ચાલતાં ગયેલા. કંથકોટ કિલ્લા ઉપરથી જમીન તરફ નજર કરતા ધરતી માતા લીલી ચાદર ઓઢેલી હોય તેવું આહલાદક દશ્ય ચરીતાર્થ થતું હતું. આ કિલ્લાની ચારે બાજુ મોટા મોટા પર્વતો - ખડકો આવેલા છે. ત્યાં હરિભક્તોએ પોતાના જીવનનો લૂંટાઈ શકાય તેટલો પ્રકૃતિનો આનંદ લૂટેલો.

કંથકોટથી આગળ આઘોઈ ગામે આવેલ શ્રીજી મહારાજના એકાંતિક ભક્ત કરણીબાના ઘર તેમજ ઐશ્વર્યા મહાદેવ ત્યાંજ પ્રસાદીનો કૂવો જેમાંથી શ્રીજી મહારાજ જળ કાઢી મહાદેવજીનો અભિષેક કર્યો હતો. અને અહીં નિષ્કુળાનંદસ્વામીએ બેસી યમદંડ ગ્રંથની રચના કરી હતી તે છત્રીઓનાં દર્શન કરતાં સૌ હરિભક્તોએ સ્વામિનારાયણ મંદિરના પટાંગણમાં

બપોરનો પ્રસાદ લીધેલ. બપોરના પ્રસાદ લીધા બાદ આધોઈથી અંજાર સ્વામિનારાયણ મંદિરના હિંડોળા ઉત્સવના દર્શન કરી, અંજારથી માંડવી હિંડોળા ઉત્સવના દર્શન કરી, પરત રાત્રીના ૮:૦૦ વાગ્યે આ યાત્રાનું ભુજ મંદિરે સમાપન થયેલ.

આ યાત્રા દરમિયાન લકઝરી બસમાં અક્ષરપ્રિયદાસજી સ્વામી તથા પરમહંસદાસજી સ્વામી તેમની અમૃતવાણીનો લાભ સતત ચાલુ રાખેલ અને રસ્તે આવતા પવિત્ર પ્રસાદીના સ્થળોનો મહિમા જણાવતા. યાત્રા દરમિયાન હરિભક્તોએ ધૂન, કીર્તન તથા અંતાક્ષરીનો પણ આનંદ લીધેલ. આ યાત્રા ભાગ્યશાળી યુવકો માટે તેઓના જીવનનો એક યાદગાર પ્રવાસ બની રહ્યો... કારણ કે આ યાત્રામાં શ્રીજીના લાડીલા એવા પરમહંસો જોડાયેલા હતા અને સતત ધર્મ સબંધી જ્ઞાન આપી, ધર્મમાં તરબોળ કરી સૌ હરિભક્તોનાં હૃદયમાં રહેલા માયાવી પદાર્થો બહાર ફેંકાવી હૃદયમાં શ્રીજી મહારાજને સ્થાપિત કરવાનો બોધ આપેલ.

અહેવાલ :- રાજુભાઈ - ભુજ

## મુંબઈ થાણાને આંગણે ઊજવાયો ભવ્ય હિંડોળા પ્રદર્શન મહોત્સવ

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર સંચાલિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભુવન - થાણામાં છેલ્લા ત્રણ વર્ષથી હિંડોળા ઉત્સવ ઊજવવવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીની શુભ આજ્ઞાથી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી, પાર્ષદવર્ય જાદવજી ભગતના આશીર્વાદથી તેમજ સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીની પ્રેરણાથી પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, સ્વામી ભક્તિકિશોરદાસજી, શાસ્ત્રી સ્વામી અક્ષરમુનિદાસજી તથા અંજાર નાગલપર વાડી વિસ્તારના ૭ હરિભક્તો થાણા સત્સંગ ભુવનમાં હિંડોળાનું પ્રદર્શન તૈયાર કરવા આવ્યા હતા. થાણાના નાના-મોટા સમસ્ત હરિભક્તોનો સાથ-સહકારથી થાણામાં સૌ પ્રથમવાર વિશાળ પાંચ ખંડમાં ભવ્યાતિ ભવ્ય પ્રદર્શન તૈયાર કરવામાં આવ્યું હતું.

ખંડ - ૧. હિમાલય દર્શન :- ૧૯ શીખરોનો ભવ્ય હિમાલય જેમાં સૌથી ઉંચા બરફીલા શીખર પર તપ કરતા ભગવાન શંકર, તેમની જટામાંથી પ્રવાહિત થતાં ગંગા મૈયા. બીજા શીખરોમાંથી પણ બરફ પીગળીને વહેતાં નાનાં ઝરણાઓ. એક શીખર પર એક પગે ઊભા રહીને તપ કરતા શ્રી નીલકંઠ વર્ણી. હિમાલયની તળેટીમાં માનસરોવર, જેમાં ત્રણ ફૂવારા, અનેક પ્રકારનાં જળચર પ્રાણીઓ, કમળો અને એક નીલકંઠ ઝુલાના નામે ઝુલતો પુલ બનાવવામાં આવ્યો હતો.

આ હિમાલય દર્શનના ઉદ્‌ઘાટનના યજમાનપદે પ.ભ. અ.નિ. રતનશીભાઈ જેઠાભાઈ ખુથીયા પરિવાર રહ્યા હતા.

ખંડ - ૨. સિંહવતી ગુફા :- ૩૦ ફૂટ લાંબી આ ગૂફામાં પ્રવેશ કરતાં જ જાણે કે આપણે જંગલમાં ફરતાં - ફરતાં ભૂલથી કોઈ મહાભયંકર હિંસક પ્રાણીઓથી ઘેરાયેલી દૂર્ગમ ગૂફામાં પ્રવેશ કરી ગયા હોઈએ ને શું....!!! એવો ડર લાગતો હતો. ઘોર અંધારું, જંગલી જનાવરો, હિંસક પ્રાણીઓની ભયંકર ગર્જનાઓ, ભૂતો, સર્પો વગેરે અનેક ડરાવણાં દશ્યો આ ગૂફામાં હતાં.

ખંડ - ૩. આધુનિક વિશ્વ દર્શન :- ૨૦ ફૂટના વિશાળ વિસ્તારમાં સૌ કોઈને આકર્ષિત કરે તેવા આધુનિક વિશ્વની રચના કરવામાં આવી હતી. ધરતી, સમુદ્ર, નદી, ડુંગર, બાગ-બગીચા, ફુંવારા, જંગલ, રણ તેમજ ધરતી પર માણસો, ગામડાઓ, શહેરો, રસ્તાઓ, ગાડીઓ, લાઈટો, વૃક્ષો, પાલતુ પ્રાણીઓ, રેલ્વે સ્ટેશન, એરપોર્ટ, દરિયા કિનારે બંદર વગેરે બ્રહ્માંડમાં દેખાતું બધું જ આ નાનકડા વિશ્વમાં જોઈ શકાતું હતું. વિશ્વની સુપ્રસિદ્ધ અજાયબીઓ સાથે મંદિર, વાઈટ હાઉસ, ટાવર બ્રીજ, એફિલ ટાવર, એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ, સ્ટેચ્યુ ઓફ લીબર્ટી, તાજ મહેલ, ઓપેરા હાઉસ, સીડની બ્રીજ, બીગ બેન, ટ્વીન ટાવર, બુદ્ધ ટેમ્પલ વગેરે વિશ્વનાં પ્રસિદ્ધ સ્થળોની મુલાકાત લઈ શકાતી હતી. આ આધુનિક વિશ્વનાં દર્શન ત્રણ ફૂટ ઉંચા બ્રીજ પર ચડીને કરતા ત્યારે એવું લાગતું કે જાણે આપણે એકી નજરે સંપૂર્ણ બ્રહ્માંડને નીહાળતા હોઈએ.

આ આધુનિક વિશ્વ દર્શનના ઉદ્‌ઘાટનના યજમાનપદે પ.ભ. રમેશભાઈ હંસરાજ ખુથીયા પરિવાર રહ્યા હતા.

ખંડ - ૪. ઉદ્ધ શ્રીહરિ જીવન દર્શન :- આ ખંડમાં

ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્યથી માંડીને સ્વધામ ગમન સુધીની લીલાને નજર સમક્ષ આબેહૂબ પ્રત્યક્ષ કરાવે તેવાં ચિત્રોને આજની આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ઉદ્ધમાં પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

આ ખંડમાં ઉદ્દ્ઘાટનના યજમાનપદે પ.ભ. ભચુભાઈ રવજી રાવરિયા પરિવાર રહ્યા હતા.

ખંડ - ૫. ૧૨ કલાત્મક હિંડોળા :- ૧.લખોટી, ૨.ઉન, ૩.આભલાં, ૪.ચેસ, ૫.ચણા, ૬.નંગ ૭.ધાન્ય, ૮.કેરમ, ૯.પીપર, ૧૦.થરમોકોલ, ૧૧. સ્કેચ, ૧૨.મસાલા, આમ વિવિધ વસ્તુઓના ૧૨ હિંડોળા અને ૧૫ ફૂટની ઉંચાઈનો એક અતિ વિશાળ બિન્સનો હિંડોળો કરાવામાં આવ્યો હતો.

આ ખંડના ઉદ્દ્ઘાટનના યજમાનપદે પ.ભ. ધનજીભાઈ લાલજી બારવડીયા પરિવાર રહ્યા હતા.

આ રીતે અતિ અદ્ભુત અને થાણામાં ક્યારેય ન થયું હોય તેવું પ્રદર્શન સંતો, હરિભક્તો, સાંખ્યયોગી બહેનો અને ગૃહસ્થ બહેનોએ સાથે મળીને કેવળ ૧૨ દિવસમાં તૈયાક કરી ૨-૮-૨૦૧૩, શુક્રવારના રાત્રે ૯:૦૦ કલાકે ઉદ્દ્ઘાટન કરીને સત્સંગ સમક્ષ મૂક્યું હતું. દરરોજ ૪૦૦ થી ૫૦૦ સત્સંગીઓ દર્શનાર્થે આવતાં હતાં. તેમાં પણ શનિવારે અને રવિવારે ભક્તોની ભીડ વધારે રહેતી.

અહેવાલ :- ભચુભાઈ રાવરીયા - થાણા

## નારાણપર-પસાયતી મધ્યે સંત્સગિજીવન પંચાહ્ન પારાયણ

શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતાર્થે મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણાથી ગામ નારાણપરના અ.નિ. વિશ્રામ કુંવરજી વરસાણી તથા અ.નિ. કુંટુંબોના મોક્ષાર્થે ધ.પ. ગસ્વ. રામબાઈ વિશ્રામ વરસાણી આદિ સુપુત્ર પરિવાર દ્વારા કથાનું આયોજન કરવામાં આવ્યું.

સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી કેશવજીવનદાસજી તથા સર્વે મંડળના વિદ્વાન સંતાએ સત્સંગનો લાભ આપ્યો હતો. કથાના વક્તા સ્વામી બ્રહ્મમુનીદાસજી સુંદર સરળ શૈલીમાં કથાનું રસપાન કરાવ્યું હતું. સભાનું સંચાલન સ્વામી સૂર્યપ્રકાશદાસજી કર્યુ હતું અને સંગીતકાર સંતાએ પણ સાથ સહકાર આપ્યો હતો.

ભુજથી સ્વામી પ્રેમપ્રકાશદાસજી અન્ય વડીલ સંતોમાં સ્વામી સનાતનદાસજી, સ્વામી વિશ્વવલ્લભદાસજી રામપર ગુરુકુળથી પધાર્યા હતા યજમાન ભક્તો તરફથી ઘનશ્યામ મહારાજને સુવર્ણની ચેન અર્પણ કરવામાં આવી હતી. બાલમંડળ, યુવકમંડળને વિશેષ સત્સંગનો લાભ મળે એટલે પ્રોજેક્ટર ઉપર બ્રહ્મમુનીદાસજી સ્વામીએ સત્સંગ સભાનું આયોજન કર્યુ હતું તેમાં સ્વામી ભક્તિચરણદાસજી આદિ સંતોએ સાથ આપ્યો હતો.

આ સમગ્ર આયોજનમાં કમિટી, સાંખ્યયોગી બહેનો, બાલમંડળ, બાલિકામંડળ, યુવકમંડળ યુવતી મંડળ, મહિલા મંડળ તથા સમગ્ર ગ્રામજનોનો સાથ સહકાર મળ્યો હતો.

સહમંત્રી :- કેરાઈ જાદવજી કાનજી

## અંજાર નૂતન મંદિર શિલારોપણ વિધિ સંપન્ન થયો

અંજાર નૂતન સ્વામિનારાયણ બહેનોના મંદિરમાં શિલારોપણ વિધિ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયો.

ઐતિહાસિક ગુજરાતના ગૌરવસમા અંજારને આંગણે ૧૧૦ વર્ષ પહેલાં ભુજ મંદિરના મહંત સ.ગુ. સ્વામી અક્ષરજીવનદાસજીએ સોના-ચાંદીની ઉપાડની શ્રી સહજાનંદસ્વામીની મૂર્તિ હરિભક્તોના ભજન દર્શનાર્થે પધરાવી આપી હતી તે હયાત છે.

ત્યારપછી ઈ.સ.૧૯૬૩માં હરિભક્ત મિસ્ત્રી પરિવારના આગ્રહથી પ.પૂ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ તથા મહંત શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજી આદિ સંતો મળી શ્રી ઘનશ્યામ મહારાજ પધરાવ્યા. સમય જતાં મંદિરમાં સંકડાસ થવાથી અને હરિભક્તોની માંગથી નવી જમીન ચાર એકર ખરીદાઈ. ત્યાં મંદિરનું નિર્માણ શિલાન્યાસ બે વર્ષ પહેલાં સંતો અને આચાર્યશ્રીના વરદ્ હસ્તે થયેલ પરંતુ બહેનોના મંદિરનું નિર્માણ કાર્ય બાકી હતું, તે આજે તા.૮-૮-૨૦૧૩ના પ.પૂ. આચાર્યશ્રી

કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા સંતો સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજી આદિ સંતો તથા ભુજ મંદિરના ગોર શ્રી ગુલાબ મહારાજના વેદોક્ત મંત્રોચ્ચારની સાથે શિલારોપણ વિધિ સંપન્ન થયો. મંદિરનો શિલાન્યાસ નિર્માણ કાર્યના સંપૂર્ણખર્ચના યજમાનશ્રી ગામ બળદિયાના હાલે નાઈરોબી વસતા અ.નિ. કાનજીભાઈ ભીમજી રાઘવાણી ધ.પ. વેલબાઈ તથા સુપુત્રો રાઘવાણી પરિવાર રહ્યા છે. અને વિધિ તેઓશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગમાં પધારેલા સંતો ભક્તો અને સાંખ્યયોગી બહેનોના ભોજન પ્રસાદ ખર્ચ યજમાનોએ પોતાને શિરે ઓઢ્યો હતો.

અહેવાલ :- શા. ભક્તિપ્રિયદાસજી, અંજાર

## માંડવી મધ્યે હિંડોળા મહોત્સવ ધામધૂમ થી ઉજવાયો

શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવીમાં દર સાલ ની મુજબ આ વર્ષેપણ હિંડોળા મહોત્સવ ખૂબ ધામધુમથી ઉજવાઈ ગયો. શ્રી વૃન્દાવન વિહારીશ્રી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી ઘનશ્યામ મહારાજ તથા શુખશય્યા ની આગળ દરરોજ વિવિધ પ્રકારના કલાત્મક હિંડોળા તૈયાર કરીને સંતો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો શ્રી ઠાકોરજીને હિંડોળે ઝુલાવતા. વિશેષમાં મંદિરના વિશાળ પાટાંગણમાં કલાત્મક ભવ્યાતીભવ્ય ૧૨ હિંડોળાથી અલંકૃત અને હિમાલયની ગોદમાં વસેલુ ભગવાન શ્રી નીલકંઠવર્ણી ની દિવ્ય તપોભુમી અવુ પુલહાશ્રમ (મુક્તિનાથ)નું આબેહૂબ દશ્ય ખડું કરવામાં આવ્યું હતું. જેનાં રમણીય દશ્યો જોઈને પ્રત્યક્ષ પુલહાશ્રમની અનુભૂતિ થતી.

મુખ્ય પ્રવેશ દ્વારમાંથી પ્રવેશ કરીએ એટલે ભગવાન શ્રી નીલકંઠવર્ણીની વનવિચરણની યાત્રાને તાજી કરાવતા અદ્‌ભુત લીલા દશ્યો ભગવાન શ્રી નીલકંઠવર્ણી એ હનુમાનજી દ્વારા કાળભૈરવનો પરાજય, મૂર્તિમાન હિમાલય મનુષ્ય રૂપે દર્શન આપીને પુલહાશ્રમનો રસ્તો બતાવતા ગુફામાંથી આવતા પાણીના પ્રવાહમાં પ્રવેશ, ત્યા બાજુમાં રહેલી બીજી ગુફામાં પ્રવેશ કરીને આગળ વધો એટલે એક મોટો પાણીનો ધરો, આ પાણીના ધરામાં શ્રી નીલકંઠવર્ણી બેસીને સ્નાન કરે છે, તેવું દશ્ય હતું.

પુલહાશ્રમનાં દર્શન પ્રથમ ભગવાન શ્રી નીલકંઠવર્ણી જેના આખ્યાનો ને હંમેશા યાદ રાખતા એવા ભરતજીનું આશ્રમ જ્યાં ભરતજી એક મૃગબચ્ચાને સ્નેહ કરી રહ્યા. ભરતજીના હાથમાં મૃગ બચ્ચુ આવે છે. શ્રી નીલકંઠવણી બંન્ને હાથ ઉંચા કરી એક પગે ઉભા રહી તપસ્યા કરે છે. બન્ને બાજુ ધર્મભક્તિ ઊભા છે. આગળ વધતા મુક્તિનાથ ભગવાનનું ભવ્ય અને રમણીય નેપાલની શૈલી થી બનેલુ અદ્‌ભુત મંદિર છે. જેમા મુક્તિનાથ ભગવાન પ્રત્યક્ષ બિરાજમાન છે. મંદિરની ફરતે ૧૦૮ ગૌમુખમાંથી પવિત્ર ધારાઓ વહીરહી છે. જે ગંડકી નદીનુ ઉદ્‌ગમ સ્થાન છે. બાજુમાં જ્યાં બ્રહ્માના પુત્ર પુલહઋષિનુ આશ્રમ છે. કે જેના નામથી આ સ્થાનનુ નામ પુલહાશ્રમ પડેલું છે. અદ્‌ભુત નૃસિંહ ગુફામાં પ્રવેશ કરીને આગળ વધતા ભાતભતના રંગબેરંગી કલાત્મક ૧૨ હિંડોળાના દર્શન થાય છે.

કલકલ વહેતા પાણીના ઝરણા, લીલી હરિયાળી, વનરાજીથી સુશોભિત આવુ અદ્‌ભુત પુલહાશ્રમ નુ ભવ્ય ઉદ્‌ઘાટન તા.૨-૮-૨૦૧૩ના દિવસે ભુજ મંદિરના વડીલ સંતો સ.ગુ. પ્રેમપ્રકાશદાસજી, માંડવી મંદિરના મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મવલ્લભદાસજી, વડીલ સંત સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી અને દાનવીર દાતાશ્રીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. પુલહાશ્રમના મુખ્ય પ્રવેશદ્વારના ઉદ્‌ઘાટનના યજમાન રામપર નિવાસી હાલે નૈરોબી પ.ભ. શાન્તીલાલભાઈ વેલજી વાગજી ભંડેરી સહ પરિવાર રહ્યા હતા. જ્યારે મુક્તિનાથ ભગવાનના મંદિરના યજમાનપદે ગામ બળદિયાના હાલે નૈરોબી પ.ભ. કાન્તીલાલ નારાણ મનજી કેરાઈ સહ પરિવાર રહ્યા હતા. મંદિરને પણ વિવિધ પ્રકારના રંગબેરંગી કાપડથી શણગારવામાં આવ્યું હતું. એમના યજમાનપદે ગામ માંડવીના પ.ભ. વેલજીભાઈ વિરજી પીંડોરીયા સહ પરિવાર રહ્યા હતા. મુખ્ય ત્રણ હિંડોળાના યજમાનપદે ક્રમશઃ ઘનશ્યામ મહારાજની આગળ સુવર્ણના દાગીના ના હિંડોળાના યજમાન માંડવીના પ.ભ. હરજીભાઈ ગાંગજી સોની પરિવાર તથા ગોવિંદભાઈ નાનજી સુરજાણી તથા મગનભાઈ માવજી ભુડીયા ત્રણ પરિવાર સાથે રહ્યા હતા. શ્રી વૃન્દાવન વિહારીશ્રી હરિકૃષ્ણ

## શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભુવનમાં હિંડોળા ઉત્સવની ઉજવણી - થાણા (મુંબઈ)











શ્રી સ્વામિનારાયણ મંદિર રાપર વાગડમાં
હિંડોળા તથા પ્રદર્શન

શ્રી સ્વામિનારાયણ મંદિર
એલ્ડોરેટ - કેન્યા હિંડોળા દર્શન

# ભુજમાં ઉજવાયેલ વિવિધ ઉત્સવોની તસ્વીરી ઝલક


















(૧) દર મહિને ભુજ શ્રી સ્વામિનારાયણાદિ દેવના શિખર ઉપર ધ્વજા ચડાવવામાં આવે છે કોઈપણ ભક્તો યજમાન બની શકે છે. (૨ – ૩) ચાતુર્માસ દરમ્યાન શ્રીમદ્ ભાગવત કથા દરમ્યાન કૃષ્ણ જન્મોત્સવ. (૪) શ્રાવણમાસ દરમ્યાન થતું શિવ પૂજન. (૬) પ.ભ. વાલજીભાઈ માવજી હરજી વરસાણી પરિવાર કથા પારાયણ દરમ્યાન. (૭) સહયોગ નગરમાં હિંડોળા ઉદ્‌ઘાટન પ્રસંગે સાં.યો. મહંત સામબાઈ તથા બહેનો. (૮) શ્રી પૂ.આ.સ. સ્વામિનારાયણ મંદિર નાઈરોબીના યુવાનો સંતો સાથે પ્રસ્થાન પૂર્વે.

## શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિ મંદિરમાં હિંડોળા દર્શન








વિશ્રાંતિ ભવન ગાંધીનગર





બળદિયા નિ.વા. હિંડોળા દર્શન



ભારાસર



કેરા



કોડકી



સુખપર








નારણપર નિ.વા. હિંડોળા દર્શન તેમજ સેવા કરતા ભાઈઓ તથા બહેનો



નરનારાયણ નગર, સુખપર





સુરજપર



ચતુરમાસ કથા પારાયણના વક્તાશ્રી



હિંડોળા ઉત્સવ ભુજમાં સેવા આપનાર સંતો તથા હરિભક્તો



હિંડોળા ઉત્સવ સમાપ્તિમાં મહાઆરતી

## શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ મધ્યે ઉજવાયેલ જન્માષ્ટી મહોત્સવની આછેરી ઝલક



બહેનોનું મંદિર - ભુજ







મટકી ફોડ



સભા





શિસલ્સ હિંડોળા દર્શન



માનકુવા હિંડોળા દર્શન



ગાંધીધામ ગુરૂકુળમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો માટે - કાર્યકર્તા શિબિર

મહારાજની આગળ ભારતીય ચલણી નોટોના હિંડોળાના યજમાનપદે માંડવી નાગલપરના લક્ષ્મણભાઈ લાલજી વરસાણી તથા અરજણભાઈ રવજી હાલાઈ આ બન્ને પરિવાર સંયુક્તપણે રહ્યા હતા. સુખશય્યા આગળ સૂકામેવા હિંડોળાના યજમાનપદે માંડવી પિયાવાના પ.ભ. લાલજી મનજી ગાજપરીયા તથા ભુપેન્દ્રભાઈ માવજી ઠક્કર ભુજ બન્ને પરિવાર રહ્યા હતા. અન્ય હિંડોળાની સેવામાં માંડવી મંદિરના મહંત સાં.યો. રતનબાઈ તથા મોટા મેઘબાઈ તથા નાના મેઘબાઈ શિષ્ય મંડળ રહ્યા હતા. તથા માંડવી મંદિરના ઉપમહંત સાં.યો. કાનબાઈ, સાં.યો. અમરબાઈ શિષ્ય મંડળ રહ્યા હતા.

આ બાજુ પુલહાશ્રમમાં રહેલી નૃસિંહ ગુફામાં રહેલા ૧૨ હિંડોળા ના યજમાનશ્રી ક્રમશઃ આ પ્રમાણે છે.

- અનાજનો હિંડોળા ગામ ફોટડીના હાલે નૈરોબી હરજી કાનજી ભુડીયા પરિવાર, હસ્તે ભીમજી હરજી ભુડીયા સહ પરિવાર.
- ગ્લાસ પેઈન્ટીંગનો હિંડોળો ગામ મસ્કા હાલે વિબુયા મનજી લાલજી રાબડીયા સહપરિવાર.
- આભલાનો હિંડોળો ગામ નૈરોબી વાલજી કરશન હીરાણી સહપરિવાર.
- કાચના મોતીનો હિંડોળો પિયાવા માવજી લાલજી વેકરીયા, કરશન લાલજી વેકરીયા સહપરિવાર.
- કલર પેઈન્ટીંગનો હિંડોળો માંડવી હાલે નૈરોબી કીટાલે હીરજી પ્રેમજી છભાડીયા સહપરિવાર.
- રંગબેરંગી ટાંચણીના હિંડોળા સુરજપર હાલે મોમ્બાસાના દેવશી વેલજી હાલાઈ પરિવાર.
- ઝરીનો હિંડોળો ગામ માંડવી કેન્યાના વિરજી મેઘજી પીંડોરીયા પરિવાર.
- મડવર્કનો હિંડોળો ગામ માંડવી દેવજી વિરજી હીરાણી પરિવાર.
- હેન્ડીક્રાફટનો હિંડોળો ગામ સામત્રા નૈરોબી ના મેઘજી કે વરસાણી સહપરિવાર.
- સતારાનો હિંડોળો માંડવી પિયાવાના શીવજી કરશન છભાડીયા સહપરિવાર.
- મોરપીછનો હિંડોળો માંડવી નૈરોબીના કુંવરજી જાદવા છભાડીયા સહપરિવાર.
- સેપ્ટીપીનનો હિંડોળો રામપર નૈરોબીના દેવરાજ રવજી વેકરીયા સહપરિવાર.

આ પ્રમાણે દાનવીર દાતશ્રીઓના સહયોગથી હિંડોળાનુ ઉદ્દ્ઘાટન ખૂબજ ધામધૂમથી કરવામાં આવ્યું હતું. આ પ્રમાણે પુલહાશ્રમના નિર્માણ કાર્યમાં માંડવી મંદિરના મહંત સ્વામી પુ. ધર્મવલ્લભદાસજી તથા વડીલ સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી, શાસ્ત્રી સ્વામી લક્ષ્મણજીવનદાસજી, પુ. સ્વામી અક્ષરવલ્લભદાસજી તથા પૂજારી સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, પુ.સ્વામી પ્રભુસ્વરૂપદાસજી, પૂજારી સ્વામી નીલકંઠમુનિદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી સ્વામી નંદકિશોરદાસજીના માર્ગદર્શનમાં હિંડોળાનું કાર્ય પુરાણી સ્વામી નારાયણપ્રિયદાસજી, પુરાણી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી, પુરાણી સ્વામી હરિપ્રસાદદાસજીએ સંભાળ્યું હતું. અને પુલહાશ્રમનુ આબેહૂબ બનાવવાનું કાર્ય પુરાણી સ્વામી ધર્મચરણદાસજી તથા સ્વામી ઘનશ્યામકેશવદાસજીએ સંભાળ્યું હતું. સંતો તથા કાર્યવાહક કમિટીના સભ્યોની આજ્ઞાથી તથા સંતોની સાથે માંડવીના પાંચે કાંધાના યુવાનો એ ખૂબજ તન-મન થી સમય જોયા વિના ખૂબજ ભક્તિ ભાવથી સેવા કરેલી છે. આ સાથો સાથ સાં.યો.મહંત રતનબાઈ તથા ઉપમહંત સાં.યો.કાનબાઈ આદિ સર્વે સાં.યો. બહેનો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતી મંડળની બહેનો એ પણ ખૂબજ સાથ સહકાર આપેલ છે. આ કાર્ય દરેકના સહયોગથી તથા ઉદાર ભાવનાથી શક્ય બનેલ છે.

આવા ભવ્ય કલાત્મક હિંડોળા તથા અતિરમણીય ભવ્યાતિભવ્ય પુલહાશ્રમના દર્શન માટે તો પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કૌશલેન્દ્ર પ્રસાદજી મહારાજ પણ છેક અમદાવાદથી પધાર્યા હતા. તા.૧૭-૮-૨૦૧૩ શ્રાવણસુદી એકાદશીના પવિત્ર દિવસે પ.પુ. આચાર્યમહારાજશ્રીનું ભવ્ય સ્વાગત સંતો અને દાતીશ્રીઓએ પુષ્પમાળા પહેરાવીને કર્યુ. પૂજ્ય મહારાજશ્રી હિંડોળા, પુલહાશ્રમ ના દર્શન કરીને અતિ પ્રભાવિત થયા. ખૂબજ રાજી થઈને સર્વે સેવાભાવી સંતો તથા હરિભક્તો ભાઈઓ તથા બહેનો ને અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા. આ બાજુ દરરોજ દર્શનાર્થીઓના આવાગમનથી મોટા મહોત્સવ જેવા વાતવરણ જેવો માહોલ જામ્યો હતો. જય શ્રી સ્વામિનારાયણ.

## શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર-ભુજ મધ્યે હિંડોળા મહોત્સવ

હિંડોળા મહોત્સવનાં દર્શન-સેવા-ભક્તિદ્વારા શ્રીહરિને રાજી કરવા એજ જેનું માધ્યમ છે. એવા પ્રસાદી મંદિરમાં ધામધૂમથી નિત્ય નવા હિંડોળાનાં દર્શન તથા આ લોકમાં મનુષ્યે કરેલાં પાપ-પુણ્યનાં કર્મનું ફળ કેવું મળે છે તે દર્શાવતું નરકનાં દુઃખ, સ્વર્ગનાં સુખ અને નિષ્કામ ભક્તિદ્વારા મળતું અવિનાશી અચળ ધામનું સુખનું પ્રદર્શન જોઈને મુમુક્ષુ જીવાત્માઓ અતિ આનંદ અનુભવ્યો છે.

આ ઉત્સવનો પ્રારંભ તા.૬-૮-૧૩, મંગળવારના સંતો અને યજમાનશ્રીઓના હાથે થયો હતો. દર્શન કરીને સહુને આનંદ આનંદ વર્તી રહ્યો હતો. આમાં સંતોની અથાગ મહેનત જેમાં ખાસ ભક્તિપ્રકાશદાસજી, ધર્મકિશોરદાસજી, ભક્તિવેદાન્તદાસજી આદિ વિદ્યાર્થી સંતો તથા માધાપરના યુવક મંડળના ભક્તો તથા અન્ય ભક્તોએ ખૂબ સેવા કરીને શ્રીહરિ તથા સંતો-ભક્તોને રાજી કર્યા છે.

આ ઉત્સવમાં આચાર્ય મહારજશ્રી પણ પધાર્યા હતા અને પોતાની પ્રસન્નતા દાખવી હતી.

લી. કોઠારી સ્વામી સંતજીવનદાસજી

## મંદિર નવનિર્માણની પૂર્વતૈયારીના ભાગરૂપે અનોખો સેવા યજ્ઞ

નારાણપર ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી અને પુરાણી મહંત સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણાથી ભાઈઓનું મંદિર નાનું પડતા મોટું કરવાનું નક્કી થયું એટલે મંદિર સફાઈનું કામ મંદિરની કમીટી અને સાં.યો. બહેનોએ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, યુવતી તથા મહિલા મંડળ પોતાના ગામમાં પોતાના આરાધ્ય દેવનું મંદિર થતું હોય તો કોને ઉત્સાહ ન હોય સર્વે પોતપોતાની સેવામાં લાગી ગયા. કોઈ છત ઉતારે, બારી દરવાજા કાઢે, કોઈ નળીયા ઉતારે, કોઈ લાકડા ઉતારે તો હથોડા અને ઘણ ખેડે જેવું જેનું અંગ તે સર્વે સેવા કરવા લાગી ગયાને જોત જોતામાં તો મંદિરની જગ્યા સફાઈ થઈ ગઈ.

કોઈ કે ટ્રેક્ટર, જેસીબી, હીટાચીની સેવા આપી એમ સર્વે ગામની સેવાનો ખપ જોઈ સંતો અને સાંખ્યયોગી બહેનો ખૂબ રાજી થયા.

આવી જ રીતે સત્સંગ સંવર્ધનની જવાબદારી યુવા વર્ગને સોંપાય તો મંદિરના કે અન્ય કોઈ કાર્યમાં સેવા કરી શકે અને એની શક્તિનો સદ્ઉપયોગ થઈ શકે.

અહેવાલ :- સહમંત્રી કેરાઈ જાદવજી કાનજી

## રાત્રી સત્સંગ સભા - કોડકી

કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા મંદિરની કમિટી તેમજ મંદિરના સાંખ્યયોગી બાઈઓના સાથ સહકારથી ભુજ મંદિરના સંતો દ્વારા સપ્તાહ રાત્રી પારાયણનું આયોજન તા.૧૨-૮-૧૩ થી તા.૧૮-૮-૧૩ સુધી કરવામાં આવ્યું હતું. જેના વક્તા પદે શાસ્ત્રી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ સુમધુર શૈલીમાં “હરિબળ ગીતા” ની કથાનું રસપાન કરાવ્યું હતું. તે અંતર્ગત રાસોત્સવ, જાગકરણ, મહાઆરતી તેમજ અન્નકુટ જેવાં આયોજન કરવામાં આવ્યા હતા. અંતિમ દિવસે ભગવાન સન્મુખ અન્નકુટ દર્શનનો લ્હાવો આખાય ગામે લીધો હતો. અને સદ્ સ્વામી લક્ષ્મીપ્રસાદ દાસજીએ આશીર્વાદ આપ્યા હતા. કથાનો સમય સહુને સુગમ થાય તે જોઈને રાત્રે ૮:૩૦ થી ૧૦:૦૦ વાગ્યા સુધી રાખવામાં આવેલ. આ સમગ્ર આયોજનમાં યજમાન પદે ગામના અલગ અલગ હરિભક્તોએ લાભ લીધો હતો. તેમાંય ખાસ કરીને વિદેશમાં રહેતા હીરાણી હરજી કરસન ખુબ સહકાર આપ્યો હતો.

અહેવાલ :- યુવક મંડળ સભ્યશ્રી નારણ રવજી
હાલાઈ, કોડકી

## શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન વિલે પાર્લે મુંબઈ ખાતે ૧૨ હિંડોળા ઉદ્‌ઘાટન તથા હિમાલય પ્રદર્શન

શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન વિલે પાર્લે મુંબઈ ખાતે તા.૪-૮-૧૩ રવિવારના રોજ ભવ્યાતિ ભવ્ય ૧૨ હિંડોળા ઉદ્‌ઘાટન તથા હિમાલય પ્રદર્શન ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ભુજ થી સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી તથા સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજીની આજ્ઞાથી મંડળના સંતો સ.ગુ.સ્વામી સનાતનદાસજી તથા સ.ગુ.પુ. સ્વામી કેશવજીવનદાસજી આદિ સંતો પધાર્યા હતા. જેનો બહોળી સંખ્યામાં હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. ઉદ્‌ઘાટન પ્રસંગે સભા સંચાલન શાસ્ત્રી સ્વામી સૂર્યપ્રકાશદાસજીએ કર્યું હતું.

હિંડોળા તથા હિમાલયને અતિ સુંદર ઓપ આપવા માટે પુ.સ્વામી પરમેશ્વરદાસજી તથા સ્વામી કૃષ્ણચરણદાસજીની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ પારલાના યુવકોએ રાત દિવસ મહેનત કરી સુંદર નયન રમ્ય હિંડોળા બનાવી સંતો તથા હરિભક્તોનો રાજીપો મેળવ્યો હતો. તથા સલારી (કચ્છ) સ્વામિનારાયણ મંદિરથી પધારેલ સાંખ્યયોગી બહેનોની સાથે પારલા મહિલા મંડળની બહેનોએ વિવિધ ધાન્ય તેમજ અવનવા હિંડોળા બનાવવામાં ખૂબ સહકાર આપ્યો હતો.

## હિરાપર હિંડોળા ઉત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર હિરાપર મધ્યે પરંપરાગત પવિત્ર ચાતુર્માસ અંતર્ગત શ્રાવણ માસમાં ઉજવાતા હિંડોળા ઉત્સવ અતિ દિવ્ય અને ભવ્ય કલાત્મક રીતે તૈયાર કરીને શ્રીહરિને ઝુલાવવાનાં અવસર માણ્યો હતો.

સાં.યો. રતનબહેનના માર્ગદર્શન હેઠળ કર્મયોગી બહેનોના સહકારથી અનેક પ્રકારના હિંડોળા તૈયાર કરી અમૂલ્ય અવસર સાથે પ્રેમ ભાવના સાથે સેવા આપી હતી. સર્વે હરિભક્તો તેમજ સર્વે નાના-મોટા ભાઈઓ-બહેનો દર્શનનો લાભ લીધો હતો.

અહેવાલ :- કાનજીભાઈ સુથાર (હિરાપર)

તેમજ પવિત્ર ચાતુર્માસ અને શ્રાવણ માસ નિમિત્તે પારલા વિશ્રાંતિ ભુવનમાં દરરોજ સાંજે પુરાણી સ્વામી પરબ્રહ્મજીવનદાસજી સ્વામી દ્વારા શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન કરાવવામાં આવે છે અને કથા અંતર્ગત દર રવિવારનાં સાંજે વિવિધ કાર્યક્રમો જેમ કે કૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધન ઉત્સવ અંતર્ગત અન્નકૂટ દર્શન તેમજ ગોવર્ધન પૂજન, બ્રાહ્મણ પૂજન, ગૌ પૂજન ભાગવતમાં વર્ણવેલ રીતે જ ઊજવવામાં આવ્યા હતાં જેનો મોટી સંખ્યામાં હરિભક્તોએ લ્હાવો લીધો હતો.

કોઠારી સ્વામીશ્રીની આજ્ઞાથી

અહેવાલ :- પરેશ તુલસીદાસ સાંખલા

## અક્ષરવાસ

વાઘજી જીવરામ જેઠી, ગામ ભુજ ઉ.વર્ષ ૯૦, તા.૧૫-૭-૨૦૧૩ના રોજ શ્રીજીનું સ્મરણ કરતાં કરતાં અક્ષર નિવાસી થયા છે. શ્રીજી મહારાજ દિવગંત આત્માને પોતાના ચરણકમળનું સુખ આપે એજ પ્રાર્થના.

---

ગામ કેરાના પરમ ભક્ત શ્રી માવજી શીવજી ભુવા, ઉંમર વર્ષ ૭૧ તા.૨૩-૭-૧૩ના રોજ શ્રીજી સ્મરણ કરતાં અક્ષરવાસ થયા છે. ભગવાન સ્વામિનારાયણ અ.નિ. આત્માને પોતાના ચરણોનું સુખ આપે તેવી પ્રાર્થના.

---

નારાણપરના હાલે એલ્ડોરેટમાં રહેતા, પ.ભ. વિરજીભાઈ કુંવરજી કેરાઈ ૧૦૧ વર્ષની ઉંમરે તા.૨૩-૮-૨૦૧૩, શુક્રવારે શ્રીજી મહારાજનું સ્મરણ કરતાં વહેલી સવારે ૬:૦૦ વાગ્યે ટૂકી બિમારી ભોગવી અક્ષરનિવાસી થયા છે. કેરાઈ પરિવારના એક પવિત્ર વડીલ શ્રી નરનારાયણદેવને વિષે નિષ્ઠાવાન અને સતત ભજનમાં તલ્લીન રહેતા આ ભક્તના અક્ષરવાસથી સત્સંગમાં ઉણપ આવી છે. શ્રીજી મહારાજ તેમના પરિવારના સભ્યોને તેમનામાં રહેતા ગુણોની પ્રાપ્તિ કરાવે, વિયોગ સહન કરવાની શક્તિ આપે અને પોતાના ચરણનું સુખ આપે એવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

# વિદેશ સમાચાર



## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરો લંડન

દર વર્ષની જેમ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજતા શ્રી ઘનશ્યામ મહારાજ તથા સત્સંગી અને સત્સંગના વિકાસ માટે વર્ષ માટે નવા ટ્રસ્ટીઓ તથા સમિતિઓની રચના કરવામાં આવી હતી. રવિવાર તા. ૧૪-૭-૨૦૧૩ના આપણા મંદિરની સામાન્ય વાર્ષિક સભા બોલાવવામાં આવેલ જેમાં ખજાનચીશ્રી તરફથી આવક-જાવકના હિસાબો વાંચી સંભળાવેલ અને ટ્રસ્ટીઓની અને સમિતીની ચૂંટણી કરવામાં આવેલ જેમાં નીચે પ્રમાણે હરિભક્તોની નામાવલિ છે.

**ટ્રસ્ટીઓ :**

• વિશરામભાઈ વાગજી માયાણી - દહિંસરા • ધનજીભાઈ કરશન વરસાણી - કેરા • ધનજીભાઈ સામજી પીંડોરીઆ - બળદિયા • ધનજીભાઈ પરબત હાલારીઆ - કેરા • દેવજીભાઈ કરશન માયાણી - દહિંસરા • શીવજીભાઈ નારણ રાબડીયા - સરલી • વાલજીભાઈ સામજી ડબાસીયા - કોડકી

**કાર્યવાહક સમિતીના સભ્યો :**

• પ્રમુખ શ્રી વિશરામભાઈ વાગજી માયાણી - દહિંસરા • ઉ.પ્રમુખ શ્રી સુરેશભાઈ શીવજી રાબડીયા - માંડવી • મંત્રી શ્રી કાનજીભાઈ મનજી કેરાઈ - રામપર • મ. મંત્રી શ્રી હરીશભાઈ કરશન જેસાણી - દહિંસરા • સહમંત્રી શ્રી નિતેશભાઈ વિશરામ હીરાણી - માંડવી • ખજાનચી શ્રી ધનજીભાઈ કરસન જેસાણી - કેરા • સહખજાનચી શ્રી ધનજીભાઈ પરબત હાલારીઆ - કેરા • મદદનીશ શ્રી લલીતભાઈ કરશન ભંડેરી - માંડવી

**સભ્યો :**

• મનસુખભાઈ કરશન માયાણી - દહિંસરા • અરવીંદભાઈ કરશન ભંડેરી - માંડવી • વાલજીભાઈ સામજી ડબાસીયા - કોડકી • નારણભાઈ વેલજી ભુડીયા - નારણપર • દેવજીભાઈ કરશન માયાણી - દહિંસરા • દેવેન્દ્રભાઈ નાનજી જેસાણી - દહિંસરા • જાદવજીભાઈ કાનજી કેરાઈ - બળદિયા • રીકીનભાઈ દિનેશ કેરાઈ - માંડવી • વીરજીભાઈ પરબત હાલારીઆ - કેરા • ધનજીભાઈ લાલજી રાબડીયા - સરલી -અરવીંદભાઈ હાલાઈ - બળદીયા

બીજું જણાવવાનું કે મંદિરનું શિક્ષણ કેન્દ્ર બિલ્ડીંગ જેમાં નરસરી શાળા, ગુજરાતી શાળા, કોમપ્યુટર, અંગ્રેજી અને ગણિત કલાસીસ ચાલે છે તે બિલ્ડીંગનું વધારે મોટું કરવા માટે જેમાં નરસરી શાળાની સંખ્યા વધશે અને બીજા માળે ગુજરાતી શાળાની સંખ્યા વધારવા માટે અને ત્રીજા માળે એક વિશાળ હોલ હાલે શ્રી નિલકંઠ હોલ છે. તેની સાથે જોડાણ થશે. તેનું બાંધકામ શરૂ કરવામાં આવેલ છે. તેનું ખાત મુહૂર્ત આપણા પ.પૂ. સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા મોટી સંખ્યામાં પધારેલ સંતોના વરદહસ્તે કરવામાં આવેલ. આ શુભ કાર્યના યજમાન પદે ગામ શ્રી બળદિયાના પ.ભ. ધર્મેન્દ્રભાઈ જેસાણી રહ્યા હતા.


અહેવાલ :- મંત્રીશ્રી કાનજી મનજી કેરાઈ
પ્રમુખશ્રી વિશ્રામભાઈ વાઘજી માયાણી

## સત્સંગ શિબિર

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટોન હેરોના બાળ યુવક મંડળ તથા યુવક તથા યુવતી મંડળના સભ્યોએ આ વર્ષની શિબિરમાં ''જર્ની ઓફ એ લાઈટાઈમ'' નામથી શ્રી નીલકંઠ વર્ણીએ જે વનવિચરણ કરેલું તે ઉપર પાંચ દિવસની શિબિર બ્રિસ્ટોલ બાજુ ગોઠવવામાં આવી હતી.

પ્રથમ યુવતીઓ શિબિરમાં પાંચ દિવસ સત્સંગ કરેલ. શિબિરમાં કુલ મળીને અગ્યાર સંતોએ હાજરી આપી હતી. તેમાં બે સંતો ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી અને સ્વામી ભક્તવત્સલદાસજી કાયમ શિબિરમાં રહીને યુવાનો ને સત્સંગ અને સમાગમનો લાભ આપ્યો હતો. શિબિરમાં શ્રી નીલકંઠ વર્ણી સાત વર્ષ વનવિચરણ કરીને અનેક તીર્થો પાવન કર્યા તેઓમાંથી મુખ્ય તીર્થો પર પ્રેઝેન્ટેશન કરી અને દરરોજની પાંચ વર્કશોપ કરી જેમાં, રસોઈ શીખાડવામાં આવી હતી, આપને યાત્રામાં જાઈએ તો આપને શું લઈ જશું. તેમજ અનેક વર્કશોપ કરવામાં આવતી હતી. સ્વામી નારાયણમુનિદાસજીએ આ શિબિરમાંથી દરેક યુવાનો એક નિયમ લઈ જવાની પ્રેરણા કરી હતી. તેમજ સ્વામી દેવકૃષ્ણદાસજી હેત અને પ્રેમ ભગવાન, સંત અને હરિભક્તોને વિષે વધારવું એવી ભલામણ કરી હતી. શિબિરમાં એકાદશીના દિવસે સ્વામી બાલકૃષ્ણદાસજી તેમજ દેવવિહારીદાસજી, સ્વામી ભક્તવત્સલદાસજી અને સ્વામી સત્યાપ્રસાદદાસજીની હાજરીમાં કરવામાં આવી હતી. ભવ્ય રાસોત્સવ પણ થયેલો. મદિરની કમિટીના હેઠળ યુવાનો શિબિરનું આયોજન કરેલું હતું. તેમજ યુ.કે.માં વિચારતા મહંત સ્વામી તેમજ જાદવજી ભગત આદિ સંતોના આશીર્વાદથી શિબિર સારી રીતે પૂર્ણ થઈ હતી.

અહેવાલ :- રિકિનભાઈ કેરાઈ, હેરો



# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

લેખન : શા.સ્વામી સંતસ્વરૂપદાસજી

### ધર્મનિષ્ઠ રામબાઇ

બાળ મિત્રો, જયશ્રી સ્વામિનારાયણ,, ભગવાન શ્રી હરિ કચ્છની ઘરા પર સાત વર્ષ સુધી ફરીને પાવન કરેલી છે. એક વખત ફરતા ફરતા કંથકોટ પધાર્યા. ગામને ચોરે સભા કરી. મહારાજની મૂર્તિના દર્શન અને શ્રવણથી ભકત જનનોને અંતરમાં આનંદ આનંદ થઇ ગયો.

કંથકોટમાં મૂળજી ઠક્કર અને કચરા ભગત શ્રી હરિના અનન્ય ભગત હતા જ. બીજા પણ ઘણા લોકો સત્સંગી થયા. ગામધણી દરબાર સંગ્રામજી અને એમનાં દિકરી રામબાઇ પણ સત્સંગી થયા. તેમાં રામબાઇ તો પૂર્વના સંસ્કારી હતાં. શ્રીહરિના દર્શન કરતાની સાથે જ મન મહારાજની મૂર્તિમાં જોડાઇ ગયું. પછી તો દિવસે ને દિવસે સત્સંગ અતિ દૃઢ થતો ગયો. રામબાઇ જેમ જેમ સત્સંગ કરતાં ગયાં તેમ તેમ મહારાજનો મહિમા સમજાતો ગયો. જગતનાં પંચ વિષયના સુખ ઝેર સમાન થઇ ગયાં. મહારાજની મૂર્તિ વિના કંઇ પણ ગમે નહિ તેવો વૈરાગ્ય થઇ ગયો. મીરાબાઇની જેમ અખંડ ભજન-ભકિતમાં જ સમય પસાર થતો. આવા ભકતોને કયારેક કઠિન પરીક્ષા પણ આપવી પડતી હોય છે. આવી આકરી કસોટીમાં ભગવાન પોતાના અનન્ય ભકતોની રક્ષ અવશ્ય કરે છે. રામબાઇના જીવનમાં પણ કઠિન કસોટી આપવાનો સમય આવ્યો.

સત્સંગ થયા પહેલાં એમના પિતા સંગ્રામજીને રાજયના કંઇ કારણ સર નાની ઉંમરમાં રામબાઇની સગાઇ સિંધના કોઇ મુસલિમ રાજા સાથે કરવી પડેલી હતી. રામબાઇ જેમ જેમ મોટાં થતાં ગયાં તેમ તેમ દરબારની મૂંઝવણ વધવા લાગી. રામબાઇને આ વાતની ખબર પડી એટલે એમને પણ ચિંતા થવા લાગી. રામબાઇ તો મનોમન નક્કી કર્યું કે પરણું તો વર પુરુષોત્તમ પરણું નહી તો કુંવારી મરું. ઝેર પીને મરું પણ મુસલમાનને તો ન જ પરણું. સંગ્રામજીને પણ કોઇ રસ્તો સૂઝતો નથી. કે હવે શું કરવું, પરણાવે તો દીકરીનું જીવન બરબાદ થઇ જાય ને ન પરણાવે તો યુધ્ધ થાય ને તેમાં અનેક નિર્દોશ જીવની હત્યા થાય. આમાંથી બહાર નીકળવાનો રસ્તો મળતો નથી. રામબાઇ બાપની મૂંઝવણને સમજી ગઇ. પિતાની મૂંઝવણ દૂર કરવા. એક દિવસ તો એણે ઝેર પીને આત્મહત્યા કરવાનો સંકલ્પ કરી નાખ્યો. એકાંત ઓરડામાં બેસી ઝેરનો પ્યાલો તૈયાર કર્યો.ભગવાન શ્રીહરિને યાદ કરી પોતાના ધર્મને માટે મારવા તૈયાર થયાં. ઝેરથી ભરેલો પ્યાલો જેવો મોઢે માંડવા જાય છે. ત્યાં તો ઓરડામાં પ્રકાશ થયો અને હં...હં... કરતા પ્રકાશમાંથી પ્રગટ થઇ શ્રીહરિએ દોડીને હાથ પકડી લીધો. મહારાજ મીઠો ઠપકો આપતા કહ્યું અરે રામુ! આ શું કરે છે ? તને ખબર નથી આત્મહત્યા એ મોટું પાપ છે. મહારાજને જોતાં રામબાઇ રોઇ પડયાં. શ્રીહરિના ચરણ પકડી લીધા રડતાં હૃદયે કહેવા લાગ્યાં ‘મહારાજ ! હું શું કરું ? આપ અંતર્યામી બધું જાણો છો. મુસલમાનને હું કેમ પરણું ? મહારાજ, મુસલમાનને પરણવા કરતાં તો મરવાનું વધુ પસંદ કરું છું.’

મંદ મંદ હસતા મહારાજ કહેવા લાગ્યા. ‘દીકરી, તારી ધર્મ પ્રત્યેની નિષ્ઠાને ધન્ય હો હવે તું શાંત મને મારી વાત સાંભળ. તારે હવે મરાવાનું નથી તેમજ સગપણ પણ તોડવાનું નથી.’ ‘તો મહારાજ મારે શું કરવું’ ‘મહારાજ કહે , જો રામબાઇ, તને તેડવા માટે મુસલિમ સુમેરાનું વેલડું(સગાઇ થઇ જાય પછી તેડવા ડોલી મકે તે) આવશે. તું એમાં બેસી જજે, તારા ધર્મની રક્ષા અમે કરીશું. તું જરા પણ ચિંતા કરીશ નહિ. હરપળે અમે તારી રક્ષામાં હાજર રહેશું. સિંધનો સુમરો તને કોઇ નુકસાન નહિ કરી શકે. ઊલટાનો તારી પૂજા કરશે. અને તારો વધુ આદર કરશે.’ પછી મહારાજે રામબાઇને માથે હાથ મૂકી

કહ્યું,'દીકરી, તું જયારે ડોલીમાં બેસીશ ત્યારથી તને ભૂખ તરસ નહિં લાગે, આવું વરદાન આપું છું.'

વરદાન આપી મહારાજ અદૃશ્ય થઈ ગયા.

ઓરડામાંથી બહાર આવી બધી વાત પિતા સંગ્રામજીને કહી. વાત સાંભળી બાપુ રાજી રાજી થઈ ગયા. મનોમન મહારાજના ધન્યવાદ આપવા લાગ્યા.

થોડા સમય બાદ મુસલમાન રાજાને ત્યાંથી રામબાઈને તેડવા વેલડું આવ્યું. સાથે રાજાના કારભારી અને થોડા અંગરક્ષકો હતા, ઘોડા,રથ વગેરે હતા. બાપુએ હૈયામાં હિંમત રાખી મહારાજને યાદ કરી દીકરીને વિદાય આપી. રામબાઈ વેલમાં બેઠાં.

ડોલી ઉપડી રામબાઈ સિંધ તરફ રવાના થયાં. રસ્તામાં બપોર થતા બધા ભોજન કરવા તૈયાર થયા. કારીભારી રામબાઈ પાસે આવીને ભોજન કરવા કહ્યું. રામબાઈ કહે,'મારે ભોજનની જરૂર નથી.' આખો દિવસ એમને એમ પસાર થયો. અખંડ ભજનમાં મગ્ન છે. નથી ખાતાં કે નથી પીતાં. બીજે દિવસે પણ રામબાઈએ ખાધા-પીધા વગર પસાર કર્યો. કારભારી વારંવાર જમવાનો આગ્રહ કરે છે. છતાપણ રામબાઈ જમતાં નથી. આમ અન્ન-જળ વિના ઘણા દિવસો નિકળી ગયા. રસાલો સિંધ પહોંચ્યો. કારભારીએ રાજાની પાસે રસ્તાની બધી વાત કહી. વાત સાંભળી રાજા તો આભો બની ગયો. કારભારી! શું વાત કરો છો? એ બાઈએ આટલા દિવસથી અન્નપાણી લીધાં નથી છતાં એની સ્ફૂર્તિ એવીને એવી જ છે!! તો તો એ સામાન્ય સ્ત્રી ન કહેવાય તત્કાળ રાજા રામબાઈ પાસે ગયો રામબાઈને જોતાની સાથે એમના પ્રકાશમાં અંજાઈ ગયો અને રામબાઈના ચરણમાં ઝૂકી પડયો. દેવી મને ક્ષમા કરો હું તમને ઓળખી ના શકયો. આજથી તમે મા બેન અને દિકરી સમાન છો.આપ તો અહી આવીને મારા રાજને પાવન કર્યું છે. રાજા રામબાઈને રહેવા માટે અલગ વ્યવસ્થા કરી આપી.રાજયભરમાં અન્નજળ નહિ લેનારા પવિત્ર દેવી તરીકે પૂજાવા લાગ્યાં. પછી તો છ મહિના બાદ રાજાનું મૃત્યુ થયું અને રામબાઈ પાછા કંથકોટ આવ્યા. પછી પોતાના મુખમાં અનાજનો કોળીયો મુકીયો. આમ મહારાજે રામબાઈની લાજ રાખી એના ધર્મની રક્ષા કરી. જે ભક્ત નિષ્ઠાથી ભક્તિ કરે છે એમની રક્ષા ભગવાન અવશ્ય કરે છે.

## જ્ઞાનસરિતા

૧. સુવાસની ભાભીનો જન્મ કયા ગામમાં થયો હતો ?
(અ) તર (બ) છપૈયા
(ક) તીનવા (ડ) અયોધ્યા

૨. જયાબાની માતાનું નામ શું હતું ?
(અ) સોમાદેવી (બ) દેવુબા
(ક) સુરપ્રભા (ડ) સોમાબા

૩. ઉત્તમ રાજાની માતાનું નામ શું હતું ?
(અ) સુરપ્રભા (બ) સોમાદેવી
(ક) સોમાબા (ડ) લલીતાબા

૪. મહારાજ કોને મા કઈને બોલાવતા?
(અ) લાધીમા (બ) જીવુબા
(ક) માનબા (ડ) ગંગામા

૫. શ્રીકૃષ્ણભગવાનની માતાનું નામ શુ હતું ?
(૧) રોહીણી (૨) દેવકી
(૩) યશોદા (૪) કે ત્રણે

૬. શ્રીકૃષ્ણભગવાનનો જન્મ કયા નક્ષત્રમાં થયો હતો?
(અ) સ્વાતી (બ) ભરણી
(ક) રોહિણી (ડ) રેવતી

૭. લક્ષ્મીજીએ કોને ભાઈ બનાવી રાખડી બાંધી હતી ?
(અ) રાજાબલિ (બ) રાજાશિબી
(ક) ઈન્દ્ર (ડ) વીરોચન

૮. રામાનંદસ્વામીની માતાનું નામ શું હતું ?
(અ) સુરપ્રભા (બ) ભવાની
(ક) સુનીતિ (ડ) સુમતી

૯. શ્રાવણ માસમાં શંકરની પૂજા કોના વળે કરવી?
(અ) ધતુરો (બ) ગુલાબ
(ક) બીલીપત્ર (ડ) ભોજપત્ર

૧૦. વંદે માતરમ્ ગીતની રચના કોણે કરેલી છે?
(અ) રવિન્દ્ર નાથ (બ) બંકિમ ચંદ્ર
(ક) લતા (ડ) શુભાષ ચંદ્ર

## -: હસ્તા રહો :-

★ બિનલ : તું આરીસા સામે આંખો બંધ કરીને શા માટે ઊભી છે ?

જીનલ : એ  તો હું એ જોવા માગતી હતી કે મારી આંખો બંધ હોય ત્યારે હું કેવી લાગું છું.

★ એક કીડી બીજી કીડીને :  સામે હાથી ચાલ્યો આવે છે મારી નાખવો છે ?

બીજી કીડી : ના રહેવા દેને બીચારો એકલો છે.

★ શિક્ષક : પિન્કુ તને તારા પપ્પા લેશન કરવામાં મદદ કરે છે ?

પિન્કુ : અરે ! મદદની શું વાત કરો છો.... ! બધું લેશન તેઓ જાતે જ કરી  નાખે છે.

★ એક ઉંદર જંગલમાં ભાગતો જતો હતો. ઊભો રાખી શિયાળે પૂછયું આમ ડરીને કયા ભાગતો જાય છે?

ઉંદર : જંગલમાં સિંહનું ખુન થયું છે પોલીસને મારી પર શક છે.

## -: ગત જ્ઞાનસરિતાના જવાબો :-

અષાઢ સુદ ૧૫, પરાશર,અષાઢ સુદ ૧૦, બ્રહ્માનંદ સ્વામી શુક્રવાર, નામકરણ,વિઠ્ઠલનાથજી,બળદીયા,૮, શ્રાવણ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ચા | તુ | ર્મા | સ | | | એ | કા | દ | શી |
| મ | | | ર | મ | ણ | ક | | | ત |
| ર | ઘુ | કુ | ળ | | | મ | ગ | દ | ળ |
| | | રુ | | | | | ણ | | |
| ધ | ર્મ | વં | શ | | | ઉ | પ | વા | સ |
| ર્મ | | શ | | | | | તિ | | ત્સં |
| ધુ | | | અ | | | કા | | | ગી |
| રં | ગો | ત્સ | વ | | | રા | ધી | કા | જી |
| ધ | | | તા | | | વા | | | વ |
| ર | ઘુ | વી | ર | | | સ | મા | પ | ન |

## શબ્દરચના

નીચે આપેલ શબ્દરચનામાં નવ પ્રકારની ભક્તિનાં નામો આપેલાં છે તે શોધી કાઢો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કિ | શ્ર | ણ | સ | ભ | ક | તિ | પા | અ | વં |
| થા | ર | દ | ત્સં | ન | સ્ય | ર્ત | દ | ર્ચ | શ્ર |
| સ્મ | ખા | આ | ગ | જ | દા | વે | સે | મ | ન |
| ક | થા | ક | ન | ભ | ન | શ્ર | વ | ણ | મ |
| વં | ખા | ર્ત | સ્મ | દ | ર્ચ | ત્મ | ન | સ | સ્કા |
| દ | કિ | વા | વે | પ | દ | ક્ષિ | ણા | ત્ | ર |
| ન | ર | નિ | દ | ણ | ર્શ | ર્ત | સે | વ | ન |
| સ | ત્મ | કિ | અ | ર્ચ | ન | કિ | સ્ય | ખા | લ |
| આ | નિ | શ્ર | વ | દ | ર | સ્મ | સ | પા | અ |

### કોણ શું કહે છે.

| | | |
|---|---|---|
| ૧, ઘડિયાલ | - | સમય ચુકશો નહિ. |
| ૨, ધરતી | - | સહનશીલ બનો |
| ૩, દરિયો | - | વિશાળ દીલ રાખો |
| ૪, વૃક્ષ | - | પરોપકારી બનો |
| ૫, કીડી | - | સંગઠન બળ કેળવો |
| ૬, કૂકડો | - | વહેલા ઊઠી કામે લાગો. |
| ૭, બગલો | - | કાર્યમાં ચિત પરોવો |
| ૮, સૂર્ય | - | નિયમિત બનો. |
| ૯, મધમાખી | - | ઉદ્યમી બનો |
| ૧૦, કોયલ | - | મીઠાં વચનો બોલો |
| ૧૧, કૂતરો | - | ધંધામાં વફાદાર રહો. |
| ૧૨, કાગડો | - | ચતુર બનો |
| ૧૩, ગુલાબ | - | દુઃખમાં પણ  હસ્તા રહો. |
| ૧૪, દીવો | - | પોતે બળી ઉજાસ આપો |

## સરનામું

નામ ..................................................................................................................

ગામ ...................તાલુકો................ઉંમર......શાળા.............................................

ધો..............મો.ન...................................

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૨૦૧/- | દિનેશ કરસન પિંડોરીયા | કુંદનપુર | પુત્રી ચિ. યશ્વીના જન્મ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૧/- | ધનજીભાઈ નારણભાઈ વાઘજીયાણી | સુખપર | ભુજના બન્ને મંદિરમાં કથા પારાયણ પ્રસંગે ભેટ |
| ૫૦૧/- | વેલજી માવજી હરજી ભગત | સુખપર | ભુજ મંદિરમાં કથા પ્રસંગે ભેટ |
| ૧૧૦/- | મહેક નાનજી હાલાઈ | કોડકી | જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૧૦/- | ઉક્ષિત નાનજી હાલાઈ | કોડકી | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | મહેન્દ્ર જાદવજી ભુડીયા | માધાપર | નવી બાઈક ખરીદી તે નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | જ્યોત્સ્નાબેન મહેન્દ્રભાઈ ભુડીયા | માધાપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | અયાન કલ્પેશભાઈ જેઠી હ.મધુસુદન દાદા | ભુજ | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૩૦૦/- | અંજનીબેન લક્ષ્મણભાઈ વેકરીયા | | બળદિયા(ઉ.વા.)જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૩૦૧/- | ભાવિક કલ્યાણ ભુડીયા | માધાપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | માવજી દેવજી કેરાઈ | બળદિયા હાલે મોમ્બાસા | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦૦/- | પ્રેમલ રીયાના મીરન દિનેશભાઈ હિરાણી | ફોટડી હાલે લંડન | શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦૦/- | ધીરવ, પ્રનય, વિવેક, ભુપેન્દ્રભાઈ હિરાણી | ફોટડી હાલે લંડન | શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦૦/- | અક્ષય શિવાની ખુશી - રજનીભાઈ વરસાણી | સામત્રા હાલે લંડન | શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | ધનજી સામજી રાઘવાણી | બળદિયા (ની.વા) | નવા મકાનના વાસ્તુ પૂજન નિમિત્તે શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦૧/- | પિયુશ્રી વિજયભાઈ ભાભાણી | કેરા | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | શૈલેષ મનજી વેકરીયા | શીરવા માંડવી | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | વિનોદભાઈ કેશરા દબાસીયા | કોડકી હાલે પ્રાસલીન | શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | ગોવિંદ સામજી પિંડોરીયા | નાગલપુર માંડવી | મેંગલોરમાં ઈઝઈ એન્જીનીયરીંગ પૂર્ણ થતાં શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | વિજય ઈશ્વરલાલ ચૌહાણ | આમારા | પુત્ર રત્ન જન્મદિવસ નિમિત્તે શ્રી  નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | હેત રમેશ પ્રેમજીભાઈ શિયાણી | સુખપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | રોનક ગોવિંદભાઈ સેંઘાણી | નારણપર (ની.વા.) | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | નારણ હરજીભાઈ હાલાઈ | મેઘપર | ચિ. લક્ષ્મીબેનના લગ્ન નિમિત્તે શ્રી નરનારાયણની કૃપાર્થે ભેટ |
| ૫૦૦/- | અરજણ દેવજી કેરાઈ | રામપર-વેકરા હાલે લંડન | સુપુત્ર ચિ. હિતેશ નારાણ લગ્ન નિમિત્તે શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૧/- | ધ્રુપદ વસંત પિંડોરીયા | નારાણપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવની હ. દેવજી નાથા પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | હરિશભાઈ શિવજીભાઈ ભુડીયા | ભક્તિનગર | કુટુંબ પરિવાર સાથે છપૈયાની યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ કરી તે નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૦/- | શિવજી ધનજી માસ્ટર | માધાપર | લંડન મુકામે પૌત્રી ચિ. અક્ષીને બિઝનેશ એકાઉન્ટસીમાં ફર્સ્ટ આવ્યાં તે નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | ભાવિક ઉમેશ જદુરામ પંડ્યા | અંજાર | ચિ. ભાવિકના જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | નિલેશ રમેશભાઈ લાલજીભાઈ વાઘાણી | માનકુવા | ચિ.નિલેશના જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | રોનક રમેશભાઈ લાલજીભાઈ વાઘાણી | માનકુવા | ચિ.રોનક જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | ખીમજી કરસન છભાડીયા | માંડવી હા.વેબુયે(કેનીયા) | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | કિશન ભરતભાઈ પંડ્યા | માધાપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | પરબતભાઈ કાનજી વરસાણી અને પ્રેમબાઈ | સામત્રા | સુપુત્ર ચિ.નમનની સગાઈ ચિ.મનીષા સાથે થઈ તે નિમિત્તે ભેટના |
| ૧૦૧/- | હેન્સી દેવજી હિરાણી | માધાપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | વિજયભાઈ ગાંગજીભાઈ ગામી | માધાપર | સુપુત્ર ચિ.કુશના જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૧/- | હરિશભાઈ દેવજીભાઈ વરસાણી | માધાપર | ચિ.જાનકીના જન્મદિવસ નિમિત્તે શ્રી  નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | હંસાબેન મનીષભાઈ વરસાણી<br>હ.લાલજી કાનજી હીરાણી | ભુજ | પુત્ર વિવાનના જન્મ નિમિત્તે શ્રી નરનારાયણદેવની કૃપાથી ભેટ |
| ૫૦૦/- | સાં.યો. પુરબાઈ અરજણ સેંઘાણી | નારાણપર (ઉ.વાસ) | ભુજ પ્રસાદી મંદિરમાં કથા પારાયણ પ્રસંગે ભેટ |
| ૧૦૧/- | મનસુખ ભીમજી પિંડોરીયા હ.રસિલાબેન | સરલી | સુપુત્રી ચિ. વેદિકાના જન્મદિવસ નિમિત્તે શ્રીહરી પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | વેન્સકુમાર દિનેશભાઈ વરસાણી | કેરા | વિનોદ ભગતના ચાંદલા નિમિત્તે ભેટ |
| ૫૦૧/- | અ.નિ.વિજ્યાબેન પરબત વાગડીઆ<br>અ.નિ.કુંવરજી શિવજી વાગડીઆ<br>અ.નિ.દેવબાઈ કુંવરજી વાગડીઆ<br>હ.પરબત કુંવરજી વાગડીઆ સમસ્ત પરિવાર | સુખપર<br>જુનોવાસ | કથા પારાયણ નિમિત્તે તેમના માક્ષાર્થે ભેટ |
| ૧૦૧/- | અ.નિ. હીરાલાલ જેઠાલાલ ઠક્કર હ. નિલેશ | ભુજ | તેમની પુણ્યતિથિ-સાતમ નિમિત્તે |
| ૧૫૧/- | મુકેશભાઈ દેવજીભાઈ રવજી વરસાણી | કોડકી | નરનારાયણદેવ કન્સ્ટ્રકશન કાં.નો પ્રારંભ કરતા શ્રીહરી પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૧૦/- | મુકુન્દ રમેશ પિંડોરીયા | નારાણપર (ઉ.વાસ) | જન્મ નિમિત્તે શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | અરુણકુમાર રતનશી ઠક્કર | ડોંબીવલી મુંબઈ | ઓપરેશન સફળ થતાં શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | હીરજી કાનજી કેરાઈ | બળદીયા (ની.વાસ) | પૌત્ર રોહિનનો લંડન મુકામે જન્મ થતાં શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | ખુશ ગોવિંદ સેંઘાણી | નારાણપર (ની.વાસ) | ખુશના જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૦/- | નિમેષ કિશોર શિવજી વરસાણી | માનકુવા ભક્તિનગર | નિમેષ ધઓ.૧૦માં સારા માર્કસ મેળવીને પાસ થતાં શ્રી નરનારાયણદેવને ભેટ |
| ૨૦૦/- | વરસાણી મંડપ સર્વિસ | માનકુવા ભક્તિનગર | મંડપ સર્વિસને ૧૯ વર્ષ પૂર્ણ થતાં તે નિમિત્તે શ્રી હરિ  પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | દિપુભાઈ વિજેશ કેરાઈ | મિરઝાપર | નવી ગાડી લીધી તે નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૦/- | કૃતીબેન રવજી હાલાઈ | માધાપર હાલે લંડન | લગ્ન પ્રસંગે શ્રીજી પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | ગોવિંદભાઈ મણિલાલ વ્યાસ | માધાપર | પૂર્વેશને ત્યાં પુત્ર ચિ.વિવાનના  જન્મ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | નરેશ જાદવજીભાઈ દબાસીયા | માનકુવા હાલે ઈસ્ટલંડન | ચિ.પુત્ર રીયાનના જન્મ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | દામજીભાઈ નરસિંહભાઈ પલાણ | ભુજ | સુપુત્ર ચિ.ધર્મનું સગપણ ચિ.કાજલ અરવિંદભાઈ સાથે થતાં શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |

## ભુજ

















# પ્રસાદી મંદિર ભુજ તથા અંજારમાં હિંડોળા દર્શન

## અંજાર











RNI NO. GUJGUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Regd. No. GKCH-158/2012-2014
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/001/UPTO 30-06-2014

# શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજમાં હિંડોળા તથા પુલહાશ્રમ દર્શન સાથે પ્રદર્શનનું ઉદ્ઘાટન તથા દર્શન















